# શ્રી હરિગીતા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮
શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના
શુભ આશીર્વાદ સહ આજ્ઞાથી

ISBN = 81-89078-19-4

: પ્રકાશક :
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

● પ્રકાશક :
પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી
● સ્કીમ કમિટી વતી
મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

શ્રી સ્વામિનારાયણ મંદિર
કાલુપુર, અમદાવાદ
ફોન : ૨૨૧૩૨૧૭૦.

(સંવત : ૨૦૬૫) કિંમત રૂા. ૫-૦૦



|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||

## અધ્યાય ૧ લો
## અથ શ્રી હરિગીતા

### પૂર્વ છાયો

મંગળ મૂર્તિ શ્રી હરિ, સ્વામિનારાયણ નામ
પુરણ પુરૂષોત્તમ પ્રભુ, પ્રગટ થયા છપૈયા ધામઃ ૧
બાળ લીલા ત્યાં બહુ કરી, માત તાતને આપ્યા સુખ
કાળી દત્ત આદી અસુરને, મારી કાપ્યાં સહુના દુઃખ ૨
પછે ત્યાંથી પધારીયા, માત તાતને ભ્રાત સહીત
અવધપુરીમાં આવીયા, શાખા બરહટ્ટામાં પુનીતઃ ૩



સરજુ ગંગામાં નાહીને, જાય મંદિરોમાં ઘનશ્યામ
નીજ જનોને શીખવવા, મુખે રટે પોતે સીતારામઃ ૪
પછે ઉપવીત પામીયા, ભણ્યા શાસ્ત્ર વેદ પુરાણ
તેહ થકી સાર કાઢીયા, તેનો ગુટકો કર્યો સુજાણ ૫
પછે પોતે વિચારીયું, અમે ધાર્યું નરતન અદય
અસંખ્ય જીવ ઉદ્ધારીયા, કરવા અનેક સુખી સદય ૬
મમ સંગાથે આવીયા, મહા મુક્તો ધરી નર દેહ
વાટ જોતાં હશે માહરી, તેને મળું કરી અતી સ્નેહ ૭
પછી પોતે વિચારયું, હવે કરવો ઘરનો ત્યાગ
માત તાતને મુકુ ધામમાં, પછે પામું દ્રઢ વૈરાગ્ય ૮
એમ ધારી નીજ માતને, આપ્યું શ્રીહરિએ નીજ જ્ઞાન
સરવે શાસ્ત્રનો સારજે, હરિ ગીતા કહી ભગવાન ૯

એક સમે માત ભક્તિની, હરિ કર્તા હતા તે સેવ
થઈ સમાધી માતને, ગયા અક્ષરમાં તતખેવ ૧૦
તેહ તેજોમય ધામમાં, જીયાં મુક્તો તણો નહિ પાર
દીવ્ય સીંહાસન ઉપરે, માએ નીરખ્યા ધર્મકુમાર ૧૧
ગદ્‌ગદ્ સ્વર રોમાંચીત થઈ, માએ સ્તુતિ કરી તેહ ઠામ
પછે આવ્યા નીજ દેહમાં, પાસે બેઠા હતા ઘનશ્યામ ૧૨
માત કહે ઘનશ્યામને, મહિમા છે તમારો અપાર
કોટી શેષ કોટી શારદા, કોઈ પામી શકેનહિ પાર ૧૩
સુખ તમારા ધામનું, તમ સ્વરૂપમાં રહ્યું જેહ
તેહ સુખ જોઈ આલોકથી, થઈ ગઈ અતિ નિર સ્નેહ ૧૪
માટે આ દેહ તજાવીને, દિવ્ય દેહે રાખો તવ પાસ
સુખ જોઈ તવ મુરતીનું, દેહ ગેહથી થઈ ઉદાસ ૧૫



છઉં તમારે શરણે, કરો મારું પરમ કલ્યાણ
જેમ કહો તેમ વરતું, હે હરિ શ્યામ સુજાણ ૧૬
જેવી રીતે કરી જીવનું, પરમ કલ્યાણ થાય
તેહ મુને સમજાવીએ, મોક્ષ થવા તણો તે ઉપાય ૧૭
સુણી માતાજીની વિનંતી, હસી બોલ્યા સુંદર શ્યામ
મુજ માત તમે સાંભળો, તમે થયા છો પુરણકામ ૧૮
નથી સાધન બાકી હવે, કરવાના તમારે માત
પુત્ર તમારો હું થયો, મને જાણ્યો તમે સાક્ષાત ૧૯

**ચોપાઈ**

સુણી શ્રી ઘનશ્યામની વાણી, બોલ્યા ગદ્‌ગદ્ સ્વરે ભાવ આણી
માતા પ્રેમવતી જોડી હાથ, હે હરિ મુને કરી સનાથ ૨૦






નાથ આશા પુરવા અમારી, તમે આવ્યા નર તનું ધારી
હે પુરુષોત્તમ હે ઘનશ્યામ, સર્વાધાર સકળ અભી રામ ૨૧
કોટી કોટી બ્રહ્માંડના કર્તા, કર્તા મકર્તા અન્ય થા કર્તા
મહા મુક્ત સહુ ગુણ ગાય, તોય પાર તેથી ન પમાય ૨૨
જીવ ઈશ્વરના પ્રતિપાળ, કરૂણાનીધી દીન દયાળ
મહા સમર્થ છો મહારાજ, દયા કરી પધારીયા આજ ૨૩
મમ પુત્ર થયા છો તમે શ્યામ, મને કરી છે પુરણકામ
અહોનીશ ઈચ્છા રહે એમ, થાય તમ માંહી અતી પ્રેમ ૨૪
પ્રેમલક્ષણા ભક્તિની રીત, મુને સંભળાવો કરી પ્રીત
એમ સુણી માતાજીની વાણી, હેતે બોલ્યા સારંગ પાણી ૨૫
રૂડો પ્રશ્ન પૂછયો તમે જેહ, મુમુક્ષુને ઉપયોગી તેહ
પ્રેમલક્ષણા ભક્તિની વાત, કહું સુણો તમે મારી વાત ૨૬



સરવે શાસ્ત્ર તણો સાર જેહ, એકાગ્રહ થઈ સુણો તેહ
એવી હરિગીતા સુખકારી, માતા સાંભળો પ્રેમ વધારી ૨૭
જેહ વરતે આ ગીતા પ્રમાણ, મળે પ્રભુ પ્રગટ પ્રમાણ
મોક્ષ જરૂર તેહનો થાય, બાકી કરવું રહે નહિં કાંઈ ૨૮
ધર્મ જ્ઞાન વૈરાગ્યને ભક્તિ, થાય મારામાં દઢ આસક્તિ
બ્રહ્મ રૂપ થઈ મુને ભજે, સર્વ માઈક સુખને તજે ૨૯
પામે અમારા ચર્ણની સેવ, ધામ અક્ષરમાં તતખેવ
દિવ્યધામ જે અક્ષર માંય, સંત સમાગથી પમાય ૩૦
એમ સુણી શ્રીહરિની વાત, લાગ્યા પૂછવા હરિને માત
તમે કહ્યું જે ધામનું સુખ, જીંયા કાળ માયા નથી દુઃખ ૩૧
જેને સંત સમાગમ થાય, તેનાથી એહ ધામ પમાય
એવા સંત કહ્યા તમે જેહ, કેવા હોય લક્ષણવાળા તેહ ૩૨



કહો સાંભળો હે મુજ માત, સાચા સંત તણી કહું વાત
હોય દયાળુ શાંત સ્વભાવ, જેને નથી કોઈનો અભાવ ૩૩
પર દ્રોહ સહન કરે છે, જીવતણું અજ્ઞાન હરે છે
સર્વ પ્રાણીનું ઈચ્છે છે હીત, નથી પંચ વિષયમાં પ્રિત ૩૪
સુખ દુઃખ માન અપમાન, તેમાં સમભાવે છે ને દાન
કામ ક્રોધ લોભ મોહ જેહ, માન મસ્તર ઈર્ષ્યા તેહ ૩૫
એવા શત્રુને જીત્યા છે જેણે, સદા અંતરે સુખીયા તેણે
દેહ પોષવામાં નથી મન, સુખ દુઃખને કરે સહન ૩૬
કોઈ ઉપર નહિં શત્રુ ભાવ, અતિ દયાળુ સરળ સ્વભાવ
બીજાને માનના આપનાર, વળી સમજે સાર અસાર ૩૭
શીળ સંતોષ ને વળી શાન્તિ, નથી અંતર માંહી અશાન્તિ
વળી અખંડ જેને વૈરાગ્ય, જાણે કામનીયું કાળાનાગ ૩૮



લીધું જગત થકી ચિત્ત તાણી, જેની સુધા સમાન છે વાણી
નીજ ધર્મ વર્તમાને પુરા, જ્ઞાન દાન દેવા માંહી શુરા ૩૯
માને આત્મા રૂપ સદાકાળ, દેહ રૂપ ન માને મરાળ
બ્રહ્મરૂપ થઈ મુને ભજે, મુક્તિ ચાર પ્રકારની તજે ૪૦
હોય પરિપક્વ એવું જ્ઞાન, સદા સાકાર છે ભગવાન
ભલે ગમે તેનો સંગ થાય, નિરાકાર પ્રભુ ન મનાય ૪૧
મારી મુરતીમાં રહે મન, અહોનીશ કરે ચિંતવન
સદા પવિત્ર અંતર માંહી, નથી વાસના માયીક કાંઈ ૪૨
એવા ગુણ અપરંમ પાર, નવ્ય દેખાડે મોટાઈ બાર
દેહ ઇંદ્રિયું દમન કરે, જડ ભર્તની માફક ફરે ૪૩
જાડા ઝીણા જેવા મળે પટ, તેને કરીને ઢાંકે છે ઘટ
નથી પ્રમાદ દંભ લગાર, જેને સદાય શુભ વિચાર ૪૪



આવા સંત જે ઈંદ્રિયું જીત, જ્ઞાન ધ્યાનમાં ડોલે છે નિત્ય
હરિ ઈચ્છાએ જે મળે અન્ન, કરે એક વખત ભોજન ૪૫
મુને જમાડી પછે જમે, દીન નીર્સ્વાદી પણે નીર્ગમે
કરે મુમુક્ષુ પાસે કથાય, અહોનીશ ગુણ મારા ગાય ૪૬
અષ્ટ પ્રકારે તજી છે નારી, દ્રવ્ય તજ્યું છે સર્વ પ્રકારી
સદા નિસ્નેહી ને નીર માન, પંચવ્રત્ત માંહી સાવધાન ૪૭
કરે વ્રત તપ ઉપવાસ, મુજ નામ રટે શ્વાસોશ્વાસ
મારી આજ્ઞા માંહી રહી સ્થિર, અંતર શત્રુ સાથે શુરવીર ૪૮
જીતી ઇંદ્રિયું પ્રાણને મન, તેથી સુખીયા રાત ને દન
મારી આજ્ઞા માંહી માને સુખ, આજ્ઞા લોપવામાં જાણે દુઃખ ૪૯
ભક્તિ નવધા કરે અહોનીશ, મને જાણે તે અક્ષરાધીશ
જ્ઞાન રાજા જનકના જેવું, હોય સંતને જાણજો તેવું ૫૦



તથા વૈરાગ્ય ભરત સમાન, કોટી બ્રહ્માંડ તર્ણ સમાન
ભક્તિ ગોપીયું ને હતી જેવી, હોય સંતને જાણજો તેવી ૫૧
ધર્મ યુધિષ્ઠિર ને સમાન, સત્ય બોલવામાં સાવધાન
નીર માની શુકદેવ જેવા, હોય મમ સંત માત તેવા ૫૨
દાસપણું હનુંમંત જેવું, તથા ઉદ્ધવને હતું તેવું
ધીર રાજા રંતી દેવ જેવી, દયા જયદેવને હતી તેવી ૫૩
આત્મ નિવેદી ભક્તિમા જેમ, રાજા અમરીષ હતા તેમ
અહોનીશ કરે મારું ગાન, જેવા નારદજી ગુણગાન ૫૪
ધર્મ જ્ઞાન વૈરાગ્યને ભક્તિ, મુજ વિના ન બીજે આશક્તિ
આવા સંતના લક્ષણ માત, સત શાસ્ત્ર માંહી છે પ્રખ્યાત ૫૫
આવા સંત ને મળ્યે થાય પુરું, કોઈ કામ ન રહે અધુરું
આવા સંત થકી તતખેવ, મળે અમારા ચર્ણની સેવ ૫૬

આવા સંતને મળ્યે થાય કામ, પામે તે થકી અક્ષરધામ
આવા સંતનો જે કરે સંગ, તેને ચડે સત તણો રંગ ૫૭

**પૂર્વ છાયો**

આવી રીતના સંત કહ્યા, તેનો તપાસી કરવો સંગ
જેવા જેવા જેને સંત મળે, તેને તેવો તેવો ચડે રંગ ૫૮
જોઈ વિચારી સંગ કરવો, જેને મળે માન્યું કલ્યાણ
સાચા સંતનો સંગ કરવો, તેના જોઈ લેવા તે એંધાણ ૫૯
જ્ઞાન વૈરાગ્યતા ને સ્વધર્મ, ભક્તિ નવધા ને પરાજેહ
આવા સંતથી પમાય છે, તેમાં જરાય નથી સંદેહ ૬૦

ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણકમળ સેવક શિષ્ય મહાદેવ ભક્ત વીર ચીતે ભક્તિ માતા શ્રી હરિ સંવાદે શ્રી હરિ ગીતા મધ્યે સંતના લક્ષણ કહ્યા એ નામે પ્રથમનો અધ્યાય.





## અધ્યાય ૨ જો

પૂર્વ છાયો

સુણી શ્રીહરિની વારતા, ભક્તિ માત કહે ઘનશ્યામ
કહ્યા લક્ષણ તમે સંતના, હોય અતિ દ્રઢ નિષ્કામ ૧
હવે દયા કરીને કહો, ચાર અંગ કરીને વિભાગ
ધર્મ જ્ઞાનનું લક્ષણ કહો, કહો ભક્તિ તથા વૈરાગ્ય ૨

**ચોપાઈ**

સુણી નિજ માતાજીની વાણી, હસી બોલ્યા સારંગપાણી
રૂડો પ્રશ્ન પૂછયો માત આજ, જીવ મુમુક્ષુનાં હીત કાજ ૩



તેનો ઉત્તર સાંભળો માત, કહું ચાર અંગતણી વાત
ધર્મ જ્ઞાન વૈરાગ્યને ભક્તિ, કહી સંભળાવું તેની વિકતીં ૪
કહું પ્રથમ ધર્મની રીત, ધર્મ પાળવો સહુને નિત્ય
ભવ બ્રહ્માદી ઈશ્વર જેહ, મહા મુક્તો પામે વળી તેહ ૫
દેવ દાનવ મનુષ્ય સહુ, ધર્મ વડે સુખી થયા બહુ
સૂર્ય ચંદ્ર શેષ દીગપાળ, ધર્મ વડે સુખી સદાકાળ ૬
ધર્મ પાળવાથી થાય સુખ, ધર્મ લોપવાથી થાય દુઃખ
ચાર વર્ણને આશ્રમ ચાર, ધર્મ સર્વ તણો છે આધાર ૭
તેહ ધર્મની કહું છું વાત, ચીત દઈ સુણો મારી માત
તેહ ધર્મ બે પ્રકારે જાણો, સમાન્ય ને વિશેષ પ્રમાણો ૮
ધર્મ સામાન્ય સહુનો એક, તેનો કહી બતાવું વિવેક
મન ઈંદ્રિયું તણા આહાર, અહિંસાદીક જે સદાચાર ૯



તેને પાળે તેહ સુખી થાય, એમ કહ્યું છે શાસ્ત્ર માંહી
કોઈ જીવની હિંસા ન કીજે, પડી વસ્તુ કેની નવ લીજે ૧૦
કામ ક્રોધ લોભ મોહ માન, તેને જીતવા થઈ સાવધાન
મધ્ય માંસ ધ્યુત્યાદી વ્યસન, ચોરી ન કરવી કોઈ દન ૧૧
ન વટલવું ન વટલાવવું, જેનું ન ખપે તેનું ન ખાવું
દ્રોહ પોતાનો પારકો થાય, એવું સત્ય પણ ન કહેવાય ૧૨
શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, પંચ વિષય ત્યાગે સંબંધ
કેને ગાળ ક્યારે ન દેવી, ગુહ્યવાત કેની નવ્ય કહેવી ૧૩
ગાળ્યા વિના દૂધ રસ પાણી, કદી વાપરવા નહીં જાણી
કેને તાડન ક્યારે ન કરે, આત્મઘાત સદા પરહરે ૧૪
મિથ્યા અપવાદ આરોપણ, નવ્યુ મૂકે રાખે સમજણ્ય
જ્ઞાન વારતા નારી જો કરે, વિવેકીજન તે પરહરે ૧૫

પાળે પંચ વર્તમાન નીત, રહે સદા ઈંદ્રિયું જીત
એહ આદી કહ્યા ધર્મ મેં જેહ, સૌના સામાન્ય જાણવા તેહ ૧૬
હવે ચાર વર્ણ તણાધર્મ, કહું વિભાગે સાંભળો મર્મ
દ્વીજ જાતીના ધર્મની રીત, કહું હે માત સુણો પુનીત ૧૭
દ્વીજ કરે નિત્ય ષટ કર્મ, સ્નાન સંધ્યા ને ગાયત્રી મર્મ
વિષ્ણુ પૂજન ને વૈશ્વ દેવ, હોમ હવન જપ તતખેવ ૧૮
શમ દમ દયા તપ દાન, શીલ સંતોષ ને નીરમાન
એહ સ્વભાવિક ધર્મ જેહ, કહ્યા બ્રાહ્મણ જાતીના એહ ૧૯
હવે ક્ષત્રીના ધર્મની વાત, તેહ સાંભળો હે મુજ માત
શુરવીર ને ધીરજ જેને, નવ્ય પીડે અંતર શત્રુ તેને ૨૦
કરે ગાય બ્રાહ્મણની સેવ, દયા ઉદારતા તતખેવ
એહ સ્વાભાવિક ધર્મ જેહ, કહ્યા ક્ષત્રી જાતી તણા તેહ ૨૧





વૈશ્ય કરે વણજ વેપાર, કાં તો ખેતી કરે નીરધાર
વ્યાજ વટો તથા ગાયું શેવ, કરે નીરવાહ તતખેવ ૨૨
શુદ્ર ત્રણ વર્ણ સેવા જેહ, તેની આજીવીકા છે તેહ
દ્વીજ જાતીને યજ્ઞ કરાવે, દાન પવિત્ર ઘરનું લાવે ૨૩
વિદ્યા ભણી બીજાને ભણાવે, તેની આજીવીકા એહ કાવે
ક્ષત્રી આજીવીકા શસ્ત્ર ધારે, તેની આજીવીકા તે પ્રકારે ૨૪
વૈશ્ય કરે વણજ વેપાર, શુદ્ર સેવા કરે નીરધાર
એવી રીતે આજીવીકા કહી, તેમાં તે ફેર પાડવો નહિ ૨૫
કદાપી કોઈ આપત આવે, પુરી આજીવિકા નવ્ય થાયે
ત્યારે દ્વીજ ક્ષત્રી તણી રીત, ક્ષત્રી વૈશ્યની રીતે પુનીત ૨૬
વરતાય તેનો દોષ નહિ, એહ વાતને જાણવી સહી
બીજા આશ્રમ કહેવાય ચાર, તેના ધર્મ કહું નીરધાર ૨૭



વીપ્ર ક્ષત્રી વૈશ્ય ત્રણ જાતી, એહ ત્રણ કહેવાય દ્વિજ જાતિ
યજ્ઞોપવિતનો સંસ્કાર, પામ્યો હોય જે બ્રહ્મચાર ૨૮
કરે ગુરુને ઘેર નિવાસ, તીયા કરે વેદ અભ્યાસ
રાખે બ્રહ્મચારી તણો વેશ, મૃગચર્મને રાખે હંમેશ ૨૯
રાખે અવશ્ય એટલા પટ, જેણે કરીને ઢંકાય ઘટ
ક્યારે ન ધારે પુષ્પનિ માળ, આંજે નહિં કાજળ કોઈ કાળ ૩૦
ગુરુ આજ્ઞામાં રહે હંમેશ, ક્યારે લોપે નહિં લવ લેશ
ભણે વિદ્યા થઈને ઉમંગ, કરે નહિ વિમુખનો સંગ ૩૧
નિજ ગુરુની પત્નિ કહાવે, તેને દૂરથી શીષ નમાવે
રાખેનહિ નારી સહવાસ, કરે નહિ મન વિશ્વાસ ૩૨
દેવ વિનાની પ્રતિમા જેહ, બ્રહ્મચારીને ન જોવી તેહ
નીત કરે ગુરુ તણી સેવ, રહે આજ્ઞા માંહી તતખેવ ૩૩



પ્રાતઃ મધ્યાન ને સાયંકાળ, કરે સંધ્યા ને જપ માળ
વૈશ્વ દેવાદી કર્મ કરે, મારા સ્વરૂપનું ધ્યાન ધરે ૩૪
ભીક્ષા માગી એક વાર જમે, દેહ નિયમમાં રાખી દમે
જીતે ખાન પાન ખટ રસ, રાખે મનને ઈંદ્રિયું વશ ૩૫
ગુરુ ઘેર રહી બ્રહ્મચારી, વેદ ભણી લીયે ઉરધારી
આપે ગુરુને દક્ષિણા દાન, હોય પોતે જો વિચારવાન ૩૬
હોય પોતાને વૈરાગ્ય મન, રહે નૈષ્ઠિક થઈને મગન
અષ્ટ પ્રકારે તજીને નારી, થાય ઉર્ધ્વરેતા બ્રહ્મચારી ૩૭
ત્યાગી થઈ રહે મુજ પાસ, સદા રહે જગ્ત થકી ઉદાસ
કેદી ન હોય વૈરાગ્ય જેને, કરવો ગૃહસ્થાશ્રમ તે તેને ૩૮
નીજ જાતીની કન્યા જે હોય, સારા ગુણવાળી હોય સોય
તેની સાથે કરે લગ્ન તેહ, તેમાં નહિં જરાય સંદેહ ૩૯

ધર્મ શાસ્ત્ર પ્રમાણે વેવાર, ગૃહી કરે નિતી અનુસાર
નિતી પ્રમાણે દ્રવ્ય કમાય, તેમાં બાદ ન જાણવો કાંઈ ૪૦
જે જે પેદા કરે ધન ધાન, કરે તેમાંથી કૃષ્ણને દાન
ભાગ દસમો અર્પણ કરે, મુજ મંદિરમાં ભેટ ધરે ૪૧
હોય વહેવારે ગરીબ કોઈ, ભાગ વીસમો કાઢવો તો ય
ત્યારે અંતઃકરણે શુદ્ધ થાય, રહે તે જન સુખી સદાય ૪૨
પોષ વર્ગ માત તાત જેહ, વામ પુત્ર પુત્રી આદી તેહ
તેની સંભાવના ગૃહી કરે, નીજ કુલ રીતે અનુસરે ૪૩
વળી ગૃહસ્થ જે નરનાર, રહે મુજ આજ્ઞા અનુસાર
ચાર ઘડી રાત રહે જ્યારે, જાણે મારી ધુન કરે ત્યારે ૪૪
એક સ્થળે બેસી સાવધાન, ધરે મારા સ્વરૂપનું ધ્યાન
પછે શૌચ વિધિ કરી આવે, હાથ મૃતીકાથી મટી આવે ૪૫



દંત ધાવન તે પછી કરે, કરેસ્નાન વિધિ અનુસરે
સ્નાન કરતાં રટે મુજ નામ, વળી સંભારે તીર્થ તમામ ૪૬
વસ્ત્ર પહેરે જે ધોયેલું હોય, એક વસ્ત્ર શુદ્ધ ઓઢે સોય
બેસે પૂર્વ કાં ઉત્તર મુખે, શુદ્ધ આસન ઉપર સુખે ૪૭
પછે ભક્ત કરે આચમન, શુદ્ધ આસન ઈંદ્રિયું ને મન
કરે ઉર્ધ પુંડ્ર તે રસાળ, બેઉ હાથ હૃદય ને ભાલ ૪૮
વચે કુંમકુંમ ચંદ્ર કરે, કંઠે માળા તુલસીની ધરે
પૂજા માનસીક ઉપચાર, કરે પ્રતીદીન પાંચવાર ૪૯
મુજ પ્રતિમાની પૂજા જેહ, અતી સ્નેહવડે કરે તેહ
પત્ર પુષ્પ ફળ જળ આદી, કરે ષોડષ પ્રકાર ઈત્યાદી ૫૦
ડંડવત પ્રક્રમા કરીને, પૂજા કરે સ્તુતી ઉચરીને
મુને થાળ ધરી પછે જમે, મારી સેવા કરે સમે સમે ૫૧





નિત્ય નિયમ કરે મમ જન, રાખે સદાય મારામાં મન
ખાતા પીતા સૂતા ઘર કામ, મુને સંભારવા આઠુ જાય ૫૨
કામ વહેવારમાં કેવું કરે, અતી અધર્મ થકી તે ડરે
ક્યારે કરે નહિં ખોટી વાત, નવ્ય કરે કાંઈ દગા ઘાત ૫૩
ગઉ બ્રાહ્મણ સંતની સેવ, કરે અતિથીની તતખેત
હોય જેહ કોઈ ધનવાન, કરે યજ્ઞ યાગાદીક દાન ૫૪
પર્વ વાવ્ય કુવાદી કરાવે, મહા સદાવૃતને બંધાવે
મોટા મંદિર કરાવે ભારી, સેવે સંત જોગી બ્રહ્મચારી ૫૫
વળી રાજા મુજ ભક્ત હોય, ધર્મ ધરામાં રખાવે સોય
નૃપ વરતે ધર્મ સહીત, પાળે પ્રજાને પુત્રની રીત ૫૬
ભણે રાજનિતીને રાજન, ત્યારે સુખી થાય નિશદિન
ધર્મશાસ્ત્રમાં કહ્યા છે જેહ, સૌને રહેવું સત્ય માની તેહ ૫૭



હવે સધવા નારીના ધર્મ, તમે સાંભળો હે માત પર્મ
નારી કરે સદા પતી સેવ, એક પતિવૃત તતખેવ ૫૮
રહે ધર્મમાંહી સાવધાન, કરે નહિ પતિ અપમાન
જાણે પતિને ઈશ્વર તોલે, ક્યારે કટુ વેણ ન બોલે ૫૯
ભલે હોય ગુણહીન પતિ, તોય સેવા કરે એની સતી
વળી જે સતી નારી કહેવાય, ભાંડ ભવાઈ જોવા ન જાય ૬૦
રહે નહિં સ્વતંત્ર તેનારી, રહે પતિ આજ્ઞા અનુસારી
પર પુરુષ જેહ કહેવાય, તેનો પ્રસંગ તજે સદાય ૬૧
પતિ સિવાય પુરુષ જેહ, પિતા ભ્રાત સુત જાણો તેહ
ઈંદ્ર જેવો હોય ગુણવાન, સતિ જાણે તે નર્ક સમાન ૬૨
નવે કરે કુલટાનો સંગ, રહે સદાય રાજી ઉમંગ
મારી ભક્તિ સ્નેહે કરે નિત્ય, અહોનીશ ગાય મારા ગીત ૬૩

જેમ વૃજવાસી ગોપીજન, તેવી રીતે રહે રાત-દન
પાળે જે સતિયુંના ધર્મ, તેને મળશે અક્ષર પર્મ ૬૪
નહિં પાળે પતિવૃત નારી, થાશે આ લોકમાં દુઃખી ભારી
જમદુત દેશે બહુ દુઃખ, નર્ક કુંડમાં નહિં મળે સુખ ૬૫
હવે વિધવા નારીની રીત, રાખે નહિં સંસારમાં ચીત
પુરુષોતમ માંહી પતિ ભાવ, સદા આ લોકનો છે અભાવ ૬૬
ખાતા પિતા સુતા ઘર કામ, મુને સંભારે તેઆઠુ જામ
વૃત ઉપવાસે કરી તન, કરે નીજ દેહનું દમન ૬૭
કરે એક જ વાર ભોજન, દેહ ઈંદ્રિયું કરે દમન
કરે નહિ અધર્મીનો સંગ, નવ્ય રાખે પુરૂષ પ્રસંગ ૬૮
નિજ સંબંધી વિનાનાં જેહ, પુરૂષ માત્ર જે કહેવાય તેહ
તેની સાથે ન બોલે ન જુવે, બોલે જુવે સ્પર્શે ધર્મ ખુવે ૬૯





નારી સધવાના જેવો વેશ, નવ્ય રાખે માથે કેશ
પુરૂષ સંબંધી ન કરે વાત, નવ્ય બેસે સગામાં એકાંત ૭૦
વળી કુળને વિરૂદ્ધ એવો, વેશ ન રાખે ભુંડણ જેવો
હોય મૈથુન યુક્ત જે પ્રાણી, તેને ન જુવે ક્યારેય જાણી ૭૧
ધર્મ કહ્યા મેં સંક્ષેપે જેહ, ધર્મશાસ્ત્રમાં કહ્યા છે તેહ
તેને પાળશે જે કોઈ સતી, થાશે બ્રહ્મધામની પ્રાપ્તિ ૭૨
ચાર વર્ણને આશ્રમ ચાર, તેના ધર્મનો કહ્યો મેં સાર
વાનપ્રસ્થ ને સંન્યાસી જેહ, તેના ધર્મનો વિસ્તાર તેહ ૭૩
કહ્યો છે વેદ પુરાણમાય, આ સમે પાળી નવ્ય શકાય
કળીયુગમાં કઠણ એહ, તેથી કહેતા નથી અમે એહ ૭૪
માટે કહ્યો નથી એહ ધર્મ, એહ સમજી લેવાનો મર્મ
કદી જો હોય વૈરાગ્ય જેને, થાવું સાધુ બ્રહ્મચારી તેને ૭૫



તેના લક્ષણ હે મુજ માય, જાણી લેવા પ્રથમ અધ્યાય
એહ રીતે સંત હરિજન, ત્યાગી થઈને કરે ભજન ૭૬
સૌના ધર્મ કહ્યા માત જેહ, સર્વ શાસ્ત્રમાં કહ્યા છે તેહ
માટે ધર્મ રાખવો ધારી, ધર્મ ઉપર છે પ્રિતી મારી ૭૭
ધર્મ સર્વ સાધનનું મૂળ, કોઈ આવે નહિ ધર્મ તુલ
વળી ધર્મદેવ મારા તાત, જ્ઞાન વૈરાગ્ય છે મારા ભ્રાત ૭૮
વળી ભક્તિ તમે મારી માય, સર્વ ધર્મ થકી જ પમાય
માટે સર્વને પાળવો ધર્મ, એહ મનુષ્ય દેહનું કર્મ ૭૯
હવે કહું છું જ્ઞાનની વાત, હે માતાજી સુણો દઈ ચિત્ત
જ્ઞાન થકી પમાય વૈરાગ્ય, પછે ભક્તિ ઉપજે અથાગ ૮૦
થાય મારા સ્વરૂપમાં પ્રિતી, પામે મોક્ષને આલોક જીતી
થાય સાધન પૂરા તમામ, પામે અમારું અક્ષરધામ ૮૧



રહે સદાય અક્ષર માંહ્ય, જીંયા અમે રહીએ સદાય
કરે અમારા ચર્ણની સેવ, પામે સુખ અખંડ અભય ૮૨

ઈતિ શ્રી સહજાનંદસ્વામિ ચરણકમળ સેવક શિષ્ય મહાદેવ
ભક્ત વીરચીતે ભક્તિ માતા શ્રીહરિ સંવાદે શ્રીહરિગીતા
મધ્યે સ્વધર્મના લક્ષણ કહ્યા એ નામે દ્વિતીય અધ્યાય.

# અધ્યાય ૩ જો

**પૂર્વ છાયો**

સુણી શ્રીહરિની વારતા, માત કહે સુણો ઘનશ્યામ
કહ્યા લક્ષણ તમે ધર્મના, સુણી થઈ હું પુરણકામ- ૧
હવે દયા કરીને કહો, દીયો તવ સ્વરૂપનું જ્ઞાન
જેહ જ્ઞાન થકી મુજને, રહે અખંડ આપનું ધ્યાન- ૨

**ચોપાઈ**

સુણી નીજ માતાજીની વાણી, હસી બોલ્યા સારંગપાણી ૩
મહાસમર્થ છો તમે માત, તમે ભક્તિ પોતે છો સાક્ષાત્-
નથી તમારે અધૂરું કાંઈ, સર્વ ગુણ સંપન્ન છો માંય ૪
પણ મુમુક્ષુ જીવને કાજ, જ્ઞાન બતાવું તમને આજ-





તેહ જ્ઞાન જાણવાનું નામ, જાણે તે થાય પુરણકામ
જ્ઞાન થકી જ વૈરાગ્ય થાય, મારી ભક્તિ તે થકી પમાય- ૫
માટે સાંભળો જ્ઞાનની વાત, થાય જે થકી સૌનું હીત
કરે મનુષ્ય એમ વિચાર, ક્યાંથી આવ્યો હું કીયે પ્રકાર- ૬
લખ ચોરાશીમાં બહુ ફર્યો, કોઈ દેહમાં કાંઈ નવ ઠર્યો
કેવા થયા છે આગે હવાલ, થાશે કેવા ભવિષ્યમાં હાલ- ૭
આવ્યો મનુષ્ય દેહ શા માટે ?, મારે જવાનું છે કઈ વાટે ?
તેનો કરવો મન વિચાર, સત શાસ્ત્ર થકી નિરધાર- ૮
ક્ષણ ભંગુર મનુષ્ય દેહ, કીયાં સુધી રહેશે જોવું તેહ
એમ વિચારી જિજ્ઞાસુ જન, સત શાસ્ત્ર વિચારે મન- ૯
સાચા સંતનો સંગ જો થાય, ત્યારે આ મુજ જ્ઞાન પમાય
તત્ત્વજ્ઞાન કહું સુણો માત, જેથી ટળે મન તણી ભ્રાંત- ૧૦




પીંડ બ્રહ્માંડની રચનાય, મારી ઈચ્છા થકી એહ થાય
સ્થિતિ ઉત્પત્તિ ને લય જેહ, તેનું કારણ હું જ છું એહ- ૧૧
કહું સંક્ષેપથી સુણો માત, શાસ્ત્ર માંહી છે તે વાત
વિશ્વ પીંડ હતા નહિં કાંઈ, અમે રહ્યા હતા અક્ષર માંહી- ૧૨
કોટી બ્રહ્માંડ તણો સંહાર, જીવ હતા માયાની મોઝાર
માયા અક્ષરના તેજ માંહી, સર્વે લીન હતું માત ત્યાંય- ૧૩
તેહ ધામમાં અમે ને સંત, જીયાં સુખ સુખ છે અત્યંત
તેહ ધામનું સુખ અપાર, કોટી શેષ પામે નહિં પાર- ૧૪
તેહ ધામમાંહી એક સમે, કર્યો વિચાર મુક્તો ને અમે
જીવ ઈશ્વર માયામાં રહ્યા, તેના ઉપર કરવી દયા ૧૫
કરૂં સૃષ્ટિ બ્રહ્માંડ અપાર, તેથી થાશે જીવોનો ઉદ્ધાર
મારી ભક્તિ કરશે જે જીવ, ધામ અક્ષર પામસે દીવ્ય- ૧૬



મુને નહિ ભજે નર નારી, દુઃખ ભોગવશે અતિ ભારી
લખ ચોરાશીમાં જાશે જ્યારે, પછે પસ્તાવું પડશે ત્યારે- ૧૭
પછી ભજશે મુજને એહ, ધામ અક્ષર પામશે તેહ
માટે જીવોની દયાને કાજ, કરૂં વિશ્વની ઉત્પત્તિ આજ- ૧૮
પછે મારી ઈચ્છાથી માય, વેદે સ્તુતિ કરી ત્યાંય
સ્તુતિ સુણી અમે તેહ વારે, જોયું અક્ષર સામું તે ત્યારે- ૧૯
ત્યારે પુરૂષ એક ઉભા થયા, હાથ જોડી સામા ઉભા રહ્યા
કરે વિનંતી વારમવાર, આજ્ઞા આપો હે પ્રાણ આધાર- ૨૦
પછે સામર્થી તેહ ને દીધી, આજ્ઞા વિશ્વો રચવાની કીધી
મુળ માયા પ્રકૃતિ જેહ, તેની સંગાથે જોડાણા તેહ- ૨૧
પછે તેના થકી તેણી વાર, થયા પ્રધાન પુરૂષ અપાર
તેહ થકી થયા મહતત્વ, ગુણ થયાં રજ તમ સત્વ- ૨૨

ત્રણ અહંકારથી તેહ વાર, થયા વૈરાટ પુરૂષ સાકાર
તેમાં રચના થઈ અનંત, ચોવીસ તત્વની કહું વિગત- ૨૩
દસ ઈન્દ્રિયું અતઃકરણ ચાર, પંચભુત થયા તેણી વાર
પંચ તન માત્રા આદી જેહ, ચોવીસ તત્વ વૈરાટમાં તેહ- ૨૪
એવા વૈરાટપુરૂષ કહ્યા, ક્રિયા કરવા સમર્થ ન થયા
અમે જ્યારે અન્વયપણે રહ્યા, ક્રિયા કરવાને સમર્થ થયા- ૨૫
ઈંદ્રિયું અંતઃકરણ તથા દેવ, તેમાં રાખ્યા કરવાને સેવ
કહાવે વૈરાટ પુરૂષ જેહ, તેના ત્રણ દેહ કહું તેહ- ૨૬
દેહ વૈરાટ સુત્રાત્મા કહીએ, તથા અવ્યાકૃત ત્રીજું લૈયે
અવસ્થા ત્રણ તેહની જાણો, લય ઉત્પત્તિ સ્થિતિ પ્રમાણો- ૨૭
બ્રહ્મા શીવ વિષ્ણુ કરે તેહ, તેના અધિષ્ટાતા ત્રણ જેહ
કહું હે માત સાંભળી લૈયે, પ્રદ્યુમ્ન અનિરૂદ્ધ કહીએ- ૨૮





ત્રીજા સંકર્ષણ વિશુદ્ધ, રૂપ ગુણ જાણો વિબુધ
તેની ઉપાસના કરે જ્યારે, પામે સામર્થી વિશ્વની ત્યારે- ૨૯
પછે બ્રહ્મા થકી તેણી વાર, થયા મરીચ્યાદી નીરધાર
થયા તે થકી કસ્યપ જાણો, થયા તેનાથી દક્ષ પ્રમાણો- ૩૦
દક્ષ પ્રજાપતિ થકી જેહ, થયા વિચિત્ર જાતના દેહ
દેવ દૈત્ય મનુષ્ય અપાર, થઈ યોનીયું અપરંપાર- ૩૧
સ્વેદજ અંડજ ઉદ્‌ભીજ કહીએ, જરાયું આદી તે લઈએ
પીંડ બ્રહ્માંડની એકતાય, એવી અપાર છે રચનાય- ૩૨
દેહ ધારી ઈશ્વરાદીહ જેહ, અસંખ્યાત તે રહ્યા છે તેહ
સહુમાં સાક્ષીરૂપે રહ્યા અમે, હે માત જાણજો તમે- ૩૩
સર્વ અંતરયામી મુને જાણો, સૌનું કારણ માત પ્રમાણો
સૌના નાડી પ્રાણ મારે હાથ, મુજ વિના છે સરવે અનાથ- ૩૪



સૌના કર્મ ફળ કહાવે જેહ, હુંજ એક ભોગવાવું તેહ
મારી આજ્ઞામાં વરતે બહુ, પુરુષ અક્ષર પ્રધાન સહુ- ૩૫
બ્રહ્મા વિષ્ણુ વૈરાટ મહેશ, સર્વ દેવો ને શારદા શેષ
બ્રહ્મા સૃષ્ટિ કરે છે આજ્ઞાય, વિષ્ણુ પાલન કરે સદાય- ૩૬
શીવ આજ્ઞાયે કરે સંહાર, જેમ આપ્યો જેને અધિકાર
આજ્ઞા થકી સૂર્ય ચંદ્ર ફરે, કાળ આજ્ઞાએ ગણના કરે- ૩૭
કાળ માયા છે મારે આધીન, જેમ રાખું તેમ રહે દીન
અહં મમત્વ કરાવનારી, શક્તિ ત્રિગુણાત્મક અમારી- ૩૮
એવી અમારી માયા છે જેહ, થાય સૌને પરસ્પર સ્નેહ
કરી રચના અમે અપાર, ચૌદ લોક તથા જમ દ્વાર- ૩૯
રાખ્યા સંયમીમાં ધર્મ રાય, પાપ પુન્યનો કરવા ન્યાય
શેષજીને રાખ્યા પાતાળ, વળી રાખ્યા દસ દિગપાળ- ૪૦



ઉર્ધ્વ લોકમાં રાખીયા સુર, અધોલોકમાં રાખ્યા અસુર
રાખ્યા બ્રહ્મા સત્યલોક માંહી, વિષ્ણુને રાખ્યા વૈકુંઠમાં ત્યા- ૪૧
આપ્યો શીવને કૈલાસવાસ, રાખ્યા મુક્તોને અમારી પાસ
કોટી અનંત બ્રહ્માંડ જેહ, રહ્યા આજ્ઞાવડે સ્થિર તેહ- ૪૨
સર્વોપરી અમે પરીબ્રહ્મ, વેદ નેતી નેતી કહે નિગમ
આવી રીતે જે અમારૂ જ્ઞાન, થાય હોય જે વિવેકવાન- ૪૩
તેને તુટે સર્વમાંથી સ્નેહ, દેહ ગેહ મિથ્યા જાણે તેહ
માને પોતાને આત્મ સ્વરૂપ, બ્રહ્મ અક્ષર શુદ્ધ અનુપ- ૪૪
બ્રહ્મરૂપ થઈ મુને ભજે, સર્વ વાસના માયીક તજે
આવા ભક્ત હોય જીંયા, દઉ દર્શન દાસને તીંયા- ૪૫
વળી આ મૃત્યુલોકની માંહી, તેમાં મારા અવતાર થાય
મુને ઓળખે જે કોઈ જીવ, પામે મોક્ષ પામે ધામ દિવ્ય- ૪૬

નરી દેહ અમુલ્યને ધારી, જો ન ભક્તિ કરે નરનારી
મહા પાપી કૃતઘ્નિ કહેવાય, તેને સુખ ક્યારે નવ થાય- ૪૭
કર્યા કેટલા મેં ઉપકાર, પળે પળે કરી એની સાર
મોટા દેવને દુર્લભ જેહ, મોંઘો કહાવે મનુષ્યનો દેહ- ૪૮
તેં તો દયા કરીને મેં દીધો, કોલ કરાર ગર્ભમાં કીધો
તે તો ભુલી ગયો તે અભાગી, જોયું ન મોહ નિંદ્રામાં જાગી- ૪૯
જોઈ અલ્પ સંસારનું સુખ, તેમાં મોહ પામે છે વિમુખ
અહં મમત્વ માંહી હેરાન, હું ને મારૂં એવું એક જ્ઞાન- ૫૦
મારી ધરતી ને મારૂં ધામ, મારા સગા વહાલા દેશ ગામ
એમ મોહ પામે મતિ મંદ, ફળ ભોગવે ચોરાશી ફંદ- ૫૧
તેનો કરતો નથી તપાસ, જાવું જોશે ધર્મ રાય પાસ
હોય મુમુક્ષુને વિવેકી જેહ, કરે વિચાર મનમાં તેહ- ૫૨





સુખ માયીક છે કીયાં સુધી, એમ જોવું પહોંચાડીને બુદ્ધિ
નથી આ નર દેહ રહેનારૂં, કરૂં શ્રેય થાય જેમ મારૂં- ૫૩
હવે આ નર દેહે કરીને, અહોનીશ સંભારૂં હરિને
સાચા સંતનો સંગ હું કરૂં, ભવસાગર પાર ઉતરૂં- ૫૪
એમ ધારી કરે સત્સંગ, ચડે પ્રગટ પ્રભુનો રંગ
સત શાસ્ત્રથી થાય વિજ્ઞાન, માને સાકાર શ્રી ભગવાન- ૫૫
પછે મારા ગુણ નિત્ય ગાય, સુણે સુણાવે મારી કથાય
મારી લીલાને ચરિત્ર જેહ, થાય સાંભળતા અતિ સ્નેહ- ૫૬
સર્વ શાસ્ત્ર ને વેદ પુરાણ, જાણે તેનું રહસ્ય સુજાણ
મારો જાણે અતિ મહીમાય, અહોનીશ ગુણ મારા ગાય- ૫૭
એવો ભક્ત થાય એકાન્તીક, કાળમાયાની ન રહે બીક
ત્રણ દેહની ભાવના ટળી, ત્રણ અવસ્થા નાખી છે ગાળી- ૫૮



તેહ ભક્ત થયો બ્રહ્મરૂપ, શુદ્ધ અક્ષર બ્રહ્મ સ્વરૂપ
દેહ રૂપ ક્યારે ન મનાય, હર્ષ શોક તેને નવ્ય થાય- ૫૯
કરે ઉપરથી વહેવાર, નોય અંતર માંહી લગાર
સુખ દુઃખ માન અપમાન, હાણ લાભ સરવે સમાન- ૬૦
મોડું વેલું આ લોકથી જાવું, જેણે સમજી રાખ્યું છે આવું
આવે આ લોકમાં સુખ દુઃખ, રાખે ધીરજ અંતરે સુખ- ૬૧
જાણે સરવે શાસ્ત્રની રીત, મારા અવતાર તણી પુનીત
જાણે મુજને દિવ્ય સાકાર, ક્યારે નવ્ય જાણે નીરાકાર- ૬૨
મુને જાણે સદા નીર્ગુણ, સર્વ કારણને પરીપુર્ણ
જે જે ક્રિયા છે અમારી માય, જીવ ઉપર જાણો દયાય- ૬૩
સ્થિતિ ઉત્પત્તિ પ્રલય જેહ, તેનું કારણ દયા છે તેહ
કરૂં ઉત્પત્તિ કલ્યાણ સારૂં, મને ભજી પામે ધામ મારૂં- ૬૪



સ્થિતિ કરૂં તે જીવને કાજ, મુને જાણે ગરીબ નીવાજ
પ્રલય કરૂં તે દુઃખીયા જાણી, દુઃખ પામે જીવ ચારે ખાણી- ૬૫
તેના વીસામા સારૂ હે માય, આત્યંતીક તે પ્રલય થાય
માટે જીવોના સુખને સારૂં, એવું કર્તવ્ય છે જો અમારૂં- ૬૬
માટે જે જે ક્રિયા કરૂં અમે, જે જે સ્થાનક ને જે જે સમે
તે તો સરવે કલ્યાણકારી, એવી દયા જાણવી અમારી ૬૭
મારે તો સદા ઈચ્છા છે એવી, સરવે જીવોને મુક્તિ જ દેવી
માટે મનુષ્ય દેહને ધારૂં, કોઈ શરણું લીયે આવી મારૂં- ૬૮
પણ આસુરી જીવ જે હોય, મુને ઓળખી ન શકે કોઈ
કરે કુસંગને મહા પાપ, ફળ ભોગવે પામે સંતાપ- ૬૯
દંડ ભોગવે ને પામે દુઃખ, તોય ન ભજે મુને વિમુખ
પણ અમારી દયા અપાર, થાય જીવોનો કેમ ઉદ્ધાર- ૭૦
કૃપા અમારી તો સદા એહ, ક્યારે ન ટળે જાણજો તેહ
વળી હે માતા આ તન ધાર્યું, તેનું મુળ કારણ વીચાર્યું- ૭૧



આગે ધર્યા ઘણા અવતાર, ભુમી તણો ઉતારવા ભાર
ભાર ઉતારી ભોગવ્યા રાજ, કર્યા તે સમામાં બહુ કાજ- ૭૨
પછે બળભદ્રને અમે કહ્યું, ધર્મ સ્થાપવો તે રહી ગયું
કર્યા આ અમે યુદ્ધથી કામ, ભાર ઉતાર્યો ભુનો તમામ- ૭૩
હવે થોડા કાળ પછે ભ્રાત, ધર્મ સ્થાપીશું થઈ પ્રખ્યાત
દ્વિજકુળમાં ધાર શું દેહ, ધર્મ ભાગવતી સ્થાપસું તેહ- ૭૪
વળી એકાદશ સ્કંધ માહ્ય, દીધું ઉધવને જ્ઞાન ત્યાંય
કહ્યું હતું ઉધવને અમે, જાઓ બદ્રિકાશ્રમમાં તમે- ૭૫
થોડા કાળ પછે જે આ જ્ઞાન, તમે પ્રવર તાવો નેદાન
તમે ચલાવજો રીત નવી, કરજો સંપ્રદાય તે ઉધ્ધવી- ૭૬
અમે આવશું તમારી પાસ, કરશું આ જ્ઞાન તણો પ્રકાશ
એમ કહ્યું હતું અમે માત, તેહ જાણો મુજને સાક્ષાત- ૭૭
માટે આ સમાની જે રીત, સૌથી અલૌકીક છે પુનીત
કરશું અસંખ્ય જીવ ઉદ્ધાર, એમ કર્યો નિરધાર ૭૮



પૂર્વછાયો

આવી રીતે માત જાણવું, કહ્યું તમને અમારૂં જ્ઞાન
સરવે શાસ્ત્રનું સાર છે, નકી જાણો એ નીદાન- ૭૯
એહ જ્ઞાન ગ્રહણ કરે, થાય વૈરાગ્ય તેહને મન
સુખ સંસારનું ત્યાગીને, કરે અખંડ મારૂં ભજન- ૮૦
સુણી માતા તે પ્રેમવતી, કહે હે હરિ હે મહારાજ
ધન્ય ધન્ય મારા ભાગ્યને, આવું જ્ઞાન કહ્યું મુને આજ- ૮૧
હવે દયા કરીને કહો, જેથી ઉપજે દઢ વૈરાગ્ય
થાય પછે પ્રેમ તમમાં, પ્રેમલક્ષણા ભક્તિ અથાગ- ૮૨

ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણકમળ સેવક શિષ્ય મહાદેવ
ભક્ત વીર ચીતે ભક્તિ માતા શ્રી હરિ સંવાદે જ્ઞાનના લક્ષણ
કહ્યા એ નામે ત્રીજો અધ્યાય



## અધ્યાય ૪ થો

### ચોપાઈ

સુણી નિજ માતાજીની વાણી, હેતે બોલ્યા સારંગપાણી
કેમ ઉપજે દ્રઢ વૈરાગ્ય, જેથી ભક્તિ ઉપજે અથાગ- ૧
તેહ સાંભળો હે મુજ માત, કહું દ્રઢ વૈરાગ્યની વાત
દેહ ગેહ નારી સુત જેહ, જ્યારે ત્રુટે તેહમાંથી સ્નેહ- ૨
મુજ વીના નહિં કીયા પ્રિતી એહ જાણો વૈરાગ્યની રીતી
વિના વૈરાગ્ય કોટી ઉપાય પ્રિતી, મારા માંહી નવ્ય થાય- ૩
ત્યારે માત ભક્તિ કહે એમ, દ્રઢ વૈરાગ ઉપજે કેમ
તેહ ઉપજવાનો ઉપાય, તેનું સાધન કહો મુનીરાય- ૪
સુણી બોલ્યા શ્રી ઘનશ્યામ, માતા તમો છો પુરણકામ
નથી તમારે અઘરૂં લેશ, આ છે મુમુક્ષુને ઉપદેશ- ૫



ધામ અક્ષરના પતિ જેહ, તવ તુત્ર થયા અમે એહ
માટે રહો આનંદમાં તમે, સાથે રાખશું સદાય અમે- ૬
પણ જિજ્ઞાસુ જનને કાજ, કહું વૈરાગ્ય સાધન આજ
કરે મનુષ્ય એમ વિચાર, સત શાસ્ત્ર થકી અનુસાર- ૭
સૌને કાળ ભક્ષણ કરી જાય, પીંડ બ્રહ્માંડ જેહ કહેવાય
પ્રલય ચાર પ્રકારના જેહ, કહું વિભાગે કરીને તેહ- ૮
દૈવ દૈત્ય જીવ જંતુ પ્રાણી, અંડજ ઉદભીજ સ્વેદજ જરા ખાણી
તેનો ક્ષણે ક્ષણે નાશ થાય, તેને નિત્ય પ્રલય કહેવાય- ૯
હવે નિમિત પ્રલય જેહ, કેવી રીતે થાય કહું તેહ
ચાર યુગ સત્ય ત્રેતા જાણો, દ્વાપરને કળી પર માણો- ૧૦
ચાર યુગની ચોકડી એક, સત શાસ્ત્રમાં કહ્યો વિવેક
ઈકોતેર ચોકડીયું જાય, એક ઈંદ્ર મનુ નાશ થાય- ૧૧

થાય બ્રહ્માનો દિવસ જ્યારે, ચૌદ ઈંદ્ર નાશ પામે ત્યારે
થાય ચોકડી પુરી હજાર, દસ લોકનો થાય સંહાર- ૧૨
ચૌદ લોક બ્રહ્માંડના કહાવે, તેમાં દસ લોક નાશ થાય
થાય ત્રીલોકી તે જળાકાર, જીવ રહે માયામાં તે વાર- ૧૩
આવી રીતનો પ્રલય થાય, તેને નિમિત પ્રલય કહેવાય
બીજો પ્રલય એહને કહીએ, બ્રહ્માની અહો રાત્રી તે લઈએ- ૧૪
બ્રહ્મા સુવે સવારમાં જાગે, નિત્ય સૃષ્ટિ કરે અનુરાગે
આખો દિવસ કરે વેવાર, પુરી ચોકડી થાય હજાર- ૧૫
એવા ત્રીસ દીન જ્યારે થાય, એક માસ તે તેનો કહેવાય
બાર માસનું વરસએક, તેહ જાણવો મર્મ વિવેક- ૧૬
એવા સો વર્ષ વિતે તે જ્યારે, બ્રહ્મા દેહ તજે તેણી વારે
ચૌદ લોકનો સંહાર થાય, તેનો કહી બાતવું પ્રકાર- ૧૭






સપ્ત સ્વર્ગ સપ્ત પાતાળ, તેનો નાશ થાય તેહ કાળ
પૃથ્વી જળ માંહીતે સમાય, જળને તેજ તે સોશી જાય- ૧૮
તેજનો વાયુ કરે છે નાશ, વાયુનો નાશ કરે આકાશ
એ પંચભુત જે કહેવાય, અહંકાર માંહી લીન થાય- ૧૯
તેહ અહંકાર કહાવે જેહ, લીન મહતત્ત્વ માંહી તેહ
એહ મહતત્વ જે કહેવાય, પુરૂષ પ્રધાનમાં લીન થાય- ૨૦
તેહ પ્રધાન પુરૂષ જેહ, થાય પ્રકૃતીમાં લીન તેહ
એવી પ્રકૃર્તીરૂપ જે માયા, જીવ માત્ર તે તેમાં સમાયા- ૨૧
થયું પ્રકૃર્તીનું કાર્ય નાશ, સર્વ પ્રાણીનો જેમાં નીવાસ
તેહ પ્રાકૃત પ્રલય જાણો, ત્રીજો પ્રલય તે પ્રમાણો- ૨૨
હવે ચોથો પ્રલય છે જેહ, તેને આત્યંતીક કહાવે તેહ
માયા પ્રકૃર્તી શક્તિ અમારી, મહાતમ ચીદાત્મક ભારી- ૨૩



એવી માયા તે અક્ષરમાંય, બ્રહ્મતેજ માંહી લીન થાય
જેમ સૂર્યના તેજ મોઝાર, રાત્રી લય પામે તે ઠાર- ૨૪
આત્યંતિક પ્રલય તે જાણો, જ્ઞાન પ્રલય તેહ પ્રમાણો
સરવે બ્રહ્માંડ વસે છે જેહ, જ્ઞાન વડે જાણો પ્રલય તેહ- ૨૫
એવી રીતે કહ્યા પ્રલય વાર, થાય સરવે બ્રહ્માંડ સંહાર
આવી રીતે મહાપ્રલય થાય, તેહ જાણ્યાથી વૈરાગ્ય પમાય- ૨૬
બ્રહ્માથી કીટ લગણ જેહ, કાળ ભક્ષણ સૌનું તેહ
આવી રીતે થાય સર્વનાશ, થાય આ લોક થકી ઉદાસ- ૨૭
આવો વિચાર ઉપજે જેને, દ્રઢ વૈરાગ્ય થાય છે તેને
એક રહે છે અક્ષર ધામ, તીયાં અમે ને મુક્ત તમામ- ૨૮
જીયાં સુખ સુખ છે અપાર, જેનો શેષ પામે નહિં પાર
દિવ્ય ભુમીકા ને દિવ્ય સુખ, કાળ માયાનું જ્યાં નથી દુઃખ- ૨૯



કોટી રવી શશી તેજ ભાસે, એક રોમ રોમમાં પ્રકાશે
તેહ સુખનો કરે વિચાર, થાતા વૈરાગ્ય ન લાગે વાર- ૩૦
વળી કહું છું બીજા પ્રકાર, કરે મનુષ્ય એમ વિચાર
પ્રભુ વિના સરવે નાશ લેખે, સૌને કાળના મુખમાં દેખે- ૩૧
નથી ભજતા જે કોઈ મુને, દુઃખ પડે છે તેહ જીવને
પંચ વિષયના સુખ સારૂં, નથી કરતા ભજન મારૂં- ૩૨
દેહ ગેહમાં રાખે પ્રિત, તેહ સારૂં કરે પાપ નિત્ય
તેનું દુઃખ ભોગવે છે ઘણું, ગર્ભવાસ જમપુરી તણું- ૩૩
દુઃખ ગર્ભવાસનું અપાર, પાપી ભોગવે વારંવાર
માના ઉદરમાં જીવ આવે, માસ દસ સુધી દુઃખ થાવે- ૩૪
ઉંધે શીરે લટકે વિમુખમુખ, કોટી વીંછી થકી અતિદુઃખ
દાઝે જઠરા અગ્નિ અપાર, તેહ તાપથી કરે પોકાર- ૩૫



નર્ક કુંડથી નરસું ઠેકાણું, એક જીભે શું કહી દેખાડું
મળમુત્ર તીંયા ખાવું પડે, તેહ વીના બીજું નવ જડે- ૩૬
પરૂ પાસ ને જંતુ અપાર, એવું દુઃખ પામે છે ગમાર
ટાઢું ઉનું તીખું માતા ખાય, તેથી દુઃખ અતિશય થાય- ૩૭
તેલ મરચું ઔષધ જેહ, માતા ખાયને ભોગવે તેહ
રાત દિવસ ન પડે ગમ, દુઃખ કૃમિયાતણું વિષમ- ૩૮
પીડા પામે છે તે દુઃખ વતી, નથી છુટવાની કીંયા ગતી
લાખ છ ને ચોરાશી હજાર, નર્ક કુંડ સંયમી મોઝાર- ૩૯
દુઃખ કહેવાય તેહનું મુખ, નથી કહેવાતું ગર્ભનું દુઃખ
એવું દુઃખ અપરંપાર, ત્રાહી ત્રાહી કરે છે પોકાર- ૪૦
પછે સ્તુતિ કરે તે ઠાર, નાથ કરોને આ સમે સાર
છઉં શર્ણ હું નાથ તમારો, ગુનો ન જુવો નાથ અમારો- ૪૧



આગે અનંત દેહ મેં ધાર્યા, તેમાં તમને મેં ન સંભાર્યા
તેથી પામીયો દુઃખ અપાર, હવે નહિં વિસારૂં આ વાર- ૪૨
માટે દયા મુજ પર લાવો, ગર્ભવાસ માંહીથી છોડાવો
એવી કૃપા કરો જગદીશ, તવ ભક્તિ હું નિત્ય કરીશ- ૪૩
નહીં રાખું સંસારમાં ચિત્ત, સાચા સંતની રાખીશ રીત
નેણે નીરખીશ તમને નાથ, સ્તુતિ કરીશ જોડીને હાથ- ૪૪
મુખે આપનાં નામ ઉચ્ચાર, શ્વાસોશ્વાસ રટીશ અપાર
વાણી નહિ બોલું ક્યારે વૃથા, કાને સુણીશ તમારી કથા- ૪૫
નાસીકાએ પ્રસાદીનાં જે પુષ્પ, તુલસી તણો વાસ તેહ
સ્પર્શ ત્વચાયે કરીશ તમારો, શુદ્ધ રાખીશ આત્મા મારો- ૪૬
હાથે સેવા કરીશ તમારી, વશ રાખીશ ઈન્દ્રીયું મારી
ચર્ણે કરીને તમારા ધામ, તીર્થ કરીશ ચાલી તમામ- ૪૭



વળી પ્રકમાં તમને કરીશ, દંડવત કરીને નમીશ
દસ ઈન્દ્રિય ને મન જેહ, તવ સેવામાં રાખીશ તેહ- ૪૮
મન માંહી કરીશ મનન, ચિત માંહી કરીશ ચિતવન
બુદ્ધિમાં નિશ્ચય કરીશ તમારો, દાસ તમારો એક અહંકારો- ૪૯
આત્મારૂપ થઈ અવિનાશ, સદા રાખીશ આપની પાસ
સાચા સંતની કરીશ સેવ, શ્રદ્ધા સહીત થકો તતખેવ- ૫૦
હવે મુજ પર દયા લાવો, ગર્ભ દુઃખ માંહીથી છોડાવો
પછે કરીયા કોલ કરાર, લીધા જામીન જમ તે ઠાર- ૫૧
પછે દયા કરી અમે એને, કાઢ્યો ઉદરથી બહાર તેને
થાય તે સમે પ્રાણીને દુઃખ, કહી ન શકાય એક મુખ- ૫૨
થાય વેદના જન્મતી ટાણે, જેમ સોનાર તારને તાણે
ત્રાહી ત્રાહી કરતો પોકાર, એમ નીકળે ઉદર બાર- ૫૩



માત તાત સંબંધીયો જેહ, પુત્ર જોઈ રાજી થાય તેહ
વહેંચી સાકર મંગળ ગાય, અતિ આનંદ સહુને થાય- ૫૪
હતું જે ગર્ભવાસનું દુઃખ, દીધું ભુલાવી મળી વિમુખ
સહુએ કડુંકડું હેત કીધું, તેહ મુરખે માનીને લીધું- ૫૫
ગ્રામ શબ્દ ઘાલે માત તાત, સગાં કુટુંબી ભગીની ભ્રાત
મળ્યા નાના નાના બાળ એને, ખેલ ખેલાવે રમાડે તેને- ૫૬
રમે જમે ને દીવસ જાય, ગર્ભવાસ ન સાંભરે કાય
ખેલ ખેલે રમે ને જમે, તેતો માબાપને બહુ ગમે- ૫૭
થાય દીન પ્રતિદિન મોટો, સહુ નાખે અંતરમાં ગોટો
પછે તેને બેસાર્યો નીશાળ, મેતો ભણાવે વિદ્યા વિશાળ- ૫૮
વિદ્યા માયીક ભણાવી એવી, ભવસાગર બુડાડે તેવી
એવો માસ્તર બહુ બુદ્ધિવાન, આપ્યું માયીક સુખનું જ્ઞાન- ૫૯

ભણે ગણી થયો હુશીયાર, શીખ્યો દ્રવ્ય કમાવા તે વાર
કરી કપટ ધન કમાય, તોય ખુશી પણ બહુ થાય- ૬૦
પછે પરણાવી તેને નારી, તેમાં મોહ પામ્યો મુંઢ ભારી
રાજી થાય છે મુખને જોઈ, નારી સમ નહિં બીજું કોઈ- ૬૧
પછે થયા બાળક બે ચાર, લાગ્યો તે સાથે કરવા પ્યાર
મોહ પામીને થયો વિકળ, હૈયેથી ઉઠી ગઈ અક્કલ- ૬૨
કામ ક્રોધ લોભ માન મોહ, છળ-કપટ નીંદાને દ્રોહ
પાપ કરવા લાગ્યો અભાગી, મોહ નીદ્રામાં ન જોયું જાગી- ૬૩
એમ કરતાં બુઢાપણું આવ્યું, બાળ જોબન બેઉં ગુમાવ્યું
વૃદ્ધપણામાં દુઃખ અપાર, સુત નારી કરે તીરસ્કાર- ૬૪
ધાર્યું મળેનહિ ખાન પાન, નાના મોટા કરે અપમાન
અન્ન ટાઢું ઉનું ઉતરેલું, આપે ટાણા વિના મોડું વેલું- ૬૫



જેવું આપે તેવું ખાવું પડે, પાપ પોતાનું પાપીને નડે
સુખ નહિં પામીને લગાર, તોય વધી મમતા અપાર- ૬૬
ધ્રુજે થરથર ને કંપે તન, તોય ન કરે મારૂં ભજન
મન ધાર્યું પોતાનું ન થાય, તોય પસ્તાવો ન થાય કાંય- ૬૭
ત્રષ્ણા રોગનું દુઃખ અપાર, નથી ચેતતો મુઢ ગમાર
રોગ નાના પ્રકારનાં જેહ, લાગુ પડ્યા પાપીયાને તેહ- ૬૮
તાવ તરીયો ને ક્ષય રોગ, ઘણા રોગોનો થયો સંજોગ
કરે નહિ ચાકરી મુંઝાય, મુખે કરે અરે હાય હાય- ૬૯
ગંધુછુટે પથારીમાં ભારી, દુઃખ થાય તે વેદનાકારી
થાય કોટી વીંછીતણું દુઃખ, તોય ન ભજે હરિ વિમુખ- ૭૦
એહ અધર્મી જીવને કાજ, બોલ્યા જમ પ્રત્યે જમરાજ
કર્યા પાપીએ પાપ અનંત, મારી કુટી કાઢો એનો અંત- ૭૧





તેના ઉપર મહેર ન લાવો, તર્ત એને આંહી લઈ આવો
તેના કલેજા માંહીથી કાઢી, એની નાડીયો નાખજો વાઢી- ૭૨
રૂપ દેખાડી ને ભયંકર, દેજો તે પાપીને બહુમાર
લોહ મુગદળનો માર દઈ, તર્ત આવો એ જીવને લઈ- ૭૩
ચાલ્યા જમદુત તત્કાળ, મહારૂપ ધરી વિકરાળ
મહાપાપીયો સુતો છે જીંયા, એક ક્ષણમાં આવીયા તીંયા- ૭૪
તેના કાયામાં પ્રવેશ કરી, દસ દ્વાર રૂંધ્યા કળ કરી
ત્રોડી નવસેં નવાણું નાડી, કોઠા બોંતરે લાય લગાડી- ૭૫
મારે મુગદળના અતી માર, તેહ દુઃખથી કરે પોકાર
કંઠ દબાવી જોરથી એને, પુંઠ દ્વારેથી કાઢીયો તેને- ૭૬
પછે એક મુહર્તની માંય, લઈ આવ્યા જીંયા ધર્મરાય
ઉભો રાખ્યો ધર્મરાજા પાસે, પુન્ય પાપનો કર્યો તપાસ- ૭૭



લાગ્યા દુષ્ટને પુછવા ધર્મ, કેવા કરી આવ્યો ઘોર કર્મ
બોલ સાચું અરે મુઢ પાપી, આવી દુષ્ટ મતિ કોણે આપી- ૭૮
એળે ખોય નર અવતાર, અરે અભાગી તુને ધઈક્કાર
જમપુરી થકી નવ્ય ડર્યો, ક્યારે શુભ વિચાર ન કર્યો- ૭૯
હૈયા ફુટ્યા હે હિણ અક્કલ, હવે ભોગવ જા તેનું ફળ
વળી કહેવા લાગ્યા ધર્મરાય, જીવ ઉપર લાવી દયાય- ૮૦
જમદુતને કહે ધર્મરાજ, પાછો મુકી આવો એને આજ
એના સગા કુટુંબી છે જીંયા, બાર દીવસ રાખજો તીંયા- ૮૧
પુત્ર કલત્રાદીક છે જેહ, જેને અર્થે ખોયો નરદેહ
કરે પાછળ જે પુન્ય દાન, શ્રાદ્ધાદીક જે તીરથ સ્થાન- ૮૨
પુન્ય દાન આપે તેને તીયા, તેહ લઈને આવજે ઈંયા
પછે જમદૂત તેણી વાર, તર્ત લઈ આવ્યા ઘર દ્વાર- ૮૩

રૂવે સ્વારથીયાં તીયાં બહુ, લાળ લીટ શેડા કાઢે બહુ
તેનો પાપીયો કરે આહાર, તેને વીતી ગયા દન બાર- ૮૪
થયો તેરમો દિવસ જયારે, જમદૂત લઈ ચાલ્યા ત્યારે
જમપુરીના મારગ માંય, સોળ પુર તે આવે છે ત્યાંય- ૮૫
તેહ પુર જમદુત તણા, નથી તેહ દુઃખ માંહી મણા
તે તે પુરના રાજા છે જેહ, માંસ રૂધીર પીયે છે તેહ- ૮૬
ટુક ટુક કરે તેનું તન, કરે પાપીયો અતિ રૂદન
એમ દરેક ગામ મોઝાર, જમ ભાગ લીયે એણે ઠાર- ૮૭
જમપુરીની વાટના દુઃખ, શેષ કહી શકે નહીં મુખ
વળી જમ ભુખ્યા થાય જયારે, ખાય માંસ કાપી કાપી ત્યારે- ૮૮
તાપ તપે સૂર્યનો અપાર, તપે ઉની રેતી તેણે ઠાર
તેમાં ચલાવે તેને હંમેશ, રાત દિવસ પામે કલેશ- ૮૯



એમ ચાલતા વરસ થાય, ત્યારે જમપુરી આવે ત્યાંય
એક વૈતરણી નદી આવે, જોતાં હૈયું ન સ્થીર રહાવે- ૯૦
પરૂ પાસ ને જંતુ અપાર, નાખે પાપીને તેહ મોઝાર
ધર્મ પાસે તેને લઈ જાય, ધ્રુજે થરથર પાપીયો ત્યાંય- ૯૧
ધર્મ તેના પાપ કર્યા જાણે, દંડ દેવરાવે તે પ્રમાણે
લાખ છ ને ચોરાશી હજાર, નર્ક કુંડ તે પુરી મોઝાર- ૯૨
કુંભી પાક ને રૌ રૌ જેહ, લાલા ભક્ષ આદી કુંડ તેહ
તેમાં નાખે જેવા કર્યા પાપ, પાપી પામે છે અતી સંતાપ- ૯૩
કેને લોહની નીરા તપાવી, દીયે કમીને બાથ ભરાવી
ચોર કર્મ કર્યા હોય જેને, પીલે ચીચોડા માંહી તેને- ૯૪
કેને પરવત પરથી પાડે, કેને ગાડીયું માંહી જુતાડે
ઉની કોશું કરીને અપાર, નાખે પાપીના ગળા મોઝાર- ૯૫





ઉના ગજ કરી આંખ્યું માંય, નાખે તેથી કરે હાય હાય
એમ કૈંક કાળ સુધી એહ, દુઃખ ભોગવે પાપીયો તેહ- ૯૬
પછે લખ ચોરાશીમાં તન, વારે વારે ભોગવે તે જન
ઉદબીજ અંડજ સ્વેદજ જાણો, જરાયું આદી ખાણું પ્રમાણો- ૯૭
તેહ ચારે ખાણુંની માંય, લાખ એકવીશ સૌમાં થાય
પશુ પંખી વન વેલી જેહ, જળ જંતુ આદી ધરે દેહ- ૯૮
વારે વારે જનમે ને મરે, એમ પાપીયો ચોરાશી ફરે
આવા દુઃખનો કરે વિચાર, જમપુરી ગર્ભનાં અપાર- ૯૯
થાય સંભારતા ત્રાય ત્રાય, તેહ થકી વૈરાગ્ય પમાય
હોય વિવેકી જન વિચારે, બુદ્ધિહીન રૂદે નવ્ય ધારે- ૧૦૦
જેની હોય છે આસુરી બુદ્ધિ, મુઢ માને નહિ વાત સુધી
સંત કહે હિતના વચન, હોય આસુરી ન ધરે મન- ૧૦૧



**પૂર્વ છાયો**

જે જે કહ્યું દુઃખ જીવને, જમપુરી ચોરાશીનાં જેહ
તેમજ દુઃખ સંસારમાં, બાલ જોબન વૃદ્ધને તેહ- ૧૦૨
સુખ નથી ચૌદ લોકમાં, ત્રણ તાપની લાગી છે લાય
કડાયામાં કણ ઉછાળે, તાપવડે ઉંચા નીચે થાય- ૧૦૩
દેવ દાવન ને મનુષ્યને, નથી સુખ કીંયા લવલેશ
અલ્પ સુખ જે દેખાય છે, તેમાં પણ અપાર કલેશ- ૧૦૪
તેહ માટે જોવું જીવને, સુખ નથી પ્રભુ વિના ક્યાંય
ત્રુટે આશ દેહ ગેહતી, તે થકી વૈરાગ્ય પમાય- ૧૦૫
પછે મુને અહોનીશ ભજે, થયું માયીક સુખ જેને ઝેર
રાત દિવસ રહે ઝંખના, પ્રભુ મળે પ્રગટ કઈ પેર- ૧૦૬

સુણો માતાજી પ્રેમવતી, આવી રીતે શું વૈરાગ્ય થાય
તેહ વિના બીજા સાધને, કોઈ ઉપાયે નવ્ય પમાય- ૧૦૭
સરવે પરે જાણજો, આવી રીતે વૈરાગ્ય થાય
મુઢ મતિ નહિં માનશે, જેનાં હશે અતી દુરભાગ- ૧૦૮
પૂછ્યું હતું તમે મુજને, તેહ કહ્યું વૈરાગ્યનું રૂપ
હવે કહીશ રીત ભક્તિની, તેહ સાંભળો માત પુનીત- ૧૦૯

ઈતીશ્રી સહજાનંદ સ્વામી ચરણકમળ સેવક શિષ્ય
મહાદેવ ભક્ત વીરચીતે ભક્તિ માતા શ્રીહરિ સંવાદે
વૈરાગ્યના લક્ષણ કહ્યા તથા વૈરાગ્ય થવાનો ઉપાય કહ્યો
એ નામે ચોથો અધ્યાય





## અધ્યાય ૫ મો

**પુર્વ છાયો**

સુણી શ્રીહરિની વારતા, કહે માત હે ઘનશ્યામ
મુજ ઉપર કરૂણા કરી, મુને કરી છે પુરણકામ- ૧
સુખ અલૌકીક આપવા, મમ પુત્ર થયા મહારાજ
જીવ અસંખ્ય ઉદ્ધારવા, નર તનું ધર્યું તમે આજ- ૨
હવે દયા કરીને કહો, તમ માંહી અતિપ્રેમ
કહો લક્ષણ ભક્તિ તણા, પરા ભક્તિ ઉપજે કેમ- ૩

**ચોપાઈ**

એવી સુણી માતની વાત, હેતે કહેવા લાગ્યા નરભ્રાત
તમે પોતે ભક્તિ છો સાક્ષાત, સદા પુરણ છોમારી માત- ૪



જેને મુજ માંહી ઘણો સ્નેહ, રૂપ ભક્તિનું જાણવું તેહ
તમે સમર્થ છો મહતારી, સહુ સેવા કરે છે તમારી- ૫
મોટા ઈશ્વર ને સહુ દેવ, તેહ કરે છે તમારી સેવ
મહા મુક્ત મુનીવર કહાવે, તેહ સેવા કરે શુદ્ધ ભાવે- ૬
ભક્તિ વિના જે બીજા સાધન, તપ વ્રત જે જોગ જોગન
દાન પુન્ય તીર થાદી જેહ, ભક્તિ સમ નહિં કોઈ તેહ- ૭
ભક્તિ વિના થતી નથી મુક્તિ, સૌથી પર છો હે માત ભક્તિ
ભક્તિ વડે તરે ભવ પાર, ભક્તિ થકી થાય છે ઉદ્ધાર- ૮
ભક્તિ નાણું અખંડ કહેવાય, જેમ જેમ કરે વૃદ્ધિ થાય
ભક્તિ નાણાને ચોર ન લુંટે, ખાતા ખરચતા નવ્ય ખુટે- ૯
પ્રેમમગ્ન થઈ કરે જન, તેને થઈ ગયા સરવે સાધન
ભક્તિ થકી પામે મારૂં ધામ, જેનું અક્ષર બ્રહ્મ છે નામ- ૧૦



જેનો ક્યારે નાશ નવ્ય થાય, ભક્તિ કર્યાંથી તેહ પમાય
હવે તે ભક્તિ કરવી કેમ, કહી બતાવું સાંભળો એમ- ૧૧
ભક્તિ કરે મહીમા સહીત, રાખે અખંડ મારામાં પ્રિત
ભક્તિ નવધા કેને તે કહીએ, ભક્તિ તે સાધનરૂપ લઈએ- ૧૨
ભક્તિ કરતા નવ પ્રકાર, પરા ભક્તિ ઉપજે અપાર
ભક્તિ નવ પ્રકારની જેહ, કહું તે માત સાંભળો તેહ- ૧૩
ભક્તિ પ્રથમ શ્રવણ કહાવે, ભક્તિ કીર્તન બીજી સોહાવે
ભક્તિ સ્મરણ ત્રીજી કહેવાય, પાદ સેવન ચોથી લેવાય- ૧૪
ભક્તિ પાંચમી અર્ચન કહીએ, છઠ્ઠી ભક્તિ તે વંદન લઈએ
દાસ ભાવ મારા વિષે જેને, ભક્તિ સાતમી જાણવી તેને- ૧૫
સખા ભાવ મારે વિષે થાય, ભક્તિ આઠમી તેને કહીએ
આત્મ નિવેદન કહાવે જેહ, ભક્તિ નવમી જાણવી તેહ- ૧૬

તન મન ધન સર્વસ્વ કહીએ, મુને અર્પણ કરે છે જૈયે
મમ પરાયણ આઠુ જામ, આત્મ નિવેદી એહનું નામ- ૧૭
કહ્યા ભક્તિના નવ પ્રકાર, શોધી કાઢ્યો તેમાંથી સાર
ભક્તિ શ્રવણ કરવી કેવી, રાજા પ્રથુએ કરીતી તેવી- ૧૮
કથા સાંભળવા ગુણ ગાન, દસ હજાર માગીયા કાન
એવી શ્રદ્ધા રાખે મમ દાસ, કથાસુણે થઈને હુલાસ- ૧૯
ભક્તિ કીર્તન કહાવે જેહ, જપે નામ શ્વાસોશ્વાસ તેહ
મારા ગુણ ગાય એવી રીત, જેમ નારદ ગાય છે ગીત- ૨૦
વેણુ વજાડીને કીર્તન, ગુણ ગાવા મારા રાત દન
ખાતા પીતા સુતા ઘર કામ, મારૂં નામ રટે આઠું જામ- ૨૧
મારી લીલા અહોનીશ ગાય, ભક્તિ કીર્તન તેને કહેવાય
મુજ સ્મરણ તે કરવું કેવું, વ્રજ ગોપીયું ને હતું તેવું- ૨૨





મારા સ્વરૂપનું ચિંતવન, રહે અખંડ રાત ને દન
ધરે મારા સ્વરૂપનું ધ્યાન, બ્રહ્મરૂપ થઈનેદાન- ૨૩
તેહ ધ્યાનનાં ચાર પ્રકાર, સુણો હે માત કરીને પ્યાર
સાંગ ઉપાંગ સલીલ જાણો, ચોથું સપાર્ષદ ધ્યાન પ્રમાણો- ૨૪
સાંગ કેતાં મુરતી અનુપ, નખશીખ લગી સુખરૂપ
એવી મુરતી અમારી જેહ, એવું ધ્યાન ધરે દાસ તેહ- ૨૫
શદ્ધ આત્મારૂપ થઈ આપ, બ્રહ્મ અક્ષર અતિ અમાપ
તેહ અક્ષરધામ મોઝાર, મુને નીરખે દીવ્ય સાકાર- ૨૬
ચર્ણ નીરખે ચિન્હ સહીત, પીંડી પાની જુવે કરી પ્રિત
બે ઉ સાથળ ને ઉર કહાવે, નાભી ઉદર ધ્યાનમાં લાવે- ૨૭
વક્ષસ્થળ અને બેઉ હાથ, કોંણી કાંડા આંગળીયું સાથ
કંબુ કંઠ ચીબુક અધર, તેનું ધ્યાન ધરે મુનીવર- ૨૮



દંત જીભા નાસીકા સંભારી, લીએ અંતર માંહી ઉતારી
મુખ કમળ જુવે મમ દાસ, નીરખે મૂર્તિ મંદમંદ હાસ- ૨૯
નીર્ખે ગૌર કપોળ રસાળ, ગાલ જમણે તીલ છે લાલ
વાંકી ભ્રૂકુટી કમાન બાણ, બેઉ નેત્ર છે સુખની ખાણ- ૩૦
તેમાં ખાયું રે શોભે છે રક્ત, તેનું ધ્યાન ધરે મુજ ભક્ત
રૂડું ભાલ તીલક સંભારે, તેહ મધ્યે ચંદ્રક ઉર ધારે- ૩૧
બેઉ કર્ણ ધારે સુખ ધામ, વામકર્ણમાં બિન્દુ છે શ્યામ
નીર્ખે મસ્તક શિખા સહીત, ધારે વાંસો કરી અતી પ્રીત- ૩૨
અંગો અંગમાં ચિન્હ છે જેહ, અતિ હેતે શું નીરખે એહ
નખ શીખ જે મુરતી મારી, હેત સહીત ધારે નરનારી- ૩૩
આવી રીતનું ધ્યાન જે થાય, ધ્યાન સાંગ તે તેને કહેવાય
હવે ઉપાંગ ધ્યાન છે જેહ, માત સાંભળો કહું છું તેહ- ૩૪



અમે ધાર્યા હોય શણગાર, દિવ્ય વસ્ત્ર અને અલંકાર
ધોતી પોતી જામો સુરવાળ, જરકસી પીળા લીલા લાલ- ૩૫
હાર હિરા મોતી આદી જેહ, કંઠ મધ્યે પહેર્યા હોય તેહ
જાઈ જુઈ આદી પુષ્પ હાર, પહેર્યા હોય કંઠ મોઝાર- ૩૬
તોરા ગજરા ને બાજુ બંધ, જે જે પામે અમારો સંબંધ
હેમ કડાં વેઢ વીંટી નંગ, જે જે ધાર્યા હોય અમે અંગ- ૩૭
પાઘ સોનેરી ને બુટાદાર, મોર મુગટ મસ્તકે સાર
રૂડો ખેસ ખંભાને ઉપર, ક્યારે ઓઢે છે શ્યામસુંદર- ૩૮
વસ્ત્ર અલંકાર પહેરી શ્યામ, બેસે સભા માંહી સુખ ધામ
ક્યારે કોપીનને આછા દાન, ક્યારે બાંધે છે કટી જીવન- ૩૯
નવા નવા ધરે શણગાર, કસી કમરે ખોસે કટાર
હરિ પધારે સભામાં જ્યારે, બેસે ઢોલીયા ઉપર ત્યારે- ૪૦

ક્યારે બેસે ખુરશી કાં પાટ, ક્યારે બેસે તે હીંડોલા ખાટ
ગાદી તકીયા જે જે આસન, બેઠા હોય પોતે ભગવાન- ૪૧
એમ ધારે મુરતી અમારી, ધ્યાન ઉપાંગ તે મહતારી
હવે સપાર્ષદ ધ્યાન છે જેહ, સુણો હે માત કહું છું તેહ- ૪૨
અમે બેઠા હોય સભા માંહી, મહા મુક્તોની મધ્યમાં ત્યાંહી
કરતા હોય સહુ દર્શન, એકાગ્રહ વડે હરિજન- ૪૩
સૌની વૃત્તિ મારામાં જોડાય, ધ્યાન સપાર્ષદ તેહ કહેવાય
હવે સલીલ ધ્યાનની રીત, સુણો હે માત દઈને ચીત્ત- ૪૪
અમે લીલા કરી હોય જીંયા, રંગે રમ્યા હોય વળી તીંયા
જે જે ચેષ્ટા કરી હોય અમે, દાસ સંભારે તે સમે સમે- ૪૫
વળી ઉછવ તણા જે દન, કર્યા હોય જ્યાં બ્રહ્મ જગન
રમ્યા જમ્યા હોય જે સ્થાન, તેહ સંભારે થઈ સાવધાન- ૪૬





ભક્તોને લાડ લડાવ્યા હોય, તેહ લીલા સંભારવી સોય
મારી લીલા અનંત અપાર, જેનો શેષ પામે નહિં પાર- ૪૭
રહે અખંડ સ્મૃતી જેને, ધ્યાન સલીલ જાણવું તેને
આવી રીતે ધ્યાનનો પ્રકાર, કહ્યો સંક્ષેપમાં તેનો સાર- ૪૮
કરે ધ્યાન આ ચાર પ્રકારે, અહોનિશ મુજને સંભારે
આવી રીતે ચિંતવન થાય, ભક્તિ સ્મરણ તે તેને કહેવાય- ૪૯
હવે ભક્તિ જે પાદ સેવન, કેમ કરે સંત હરિજન
કરે અમારા ચર્ણની સેવ, જાણી મહીમા અખંડ અભેવ- ૫૦
રાધા ભક્તિ કરે છે જેમ, ચર્ણ સેવા કરે દાસ તેમ
કર્યો તુલસીએ જીંયા વાસ, એવી રીતે સેવે મમ દાસ- ૫૧
મોટા મોટા મુનીવર જેહ, ચર્ણ સેવા માગે સહુ તેહ
વળી ધારે હૃદય મોઝાર, ધાર મસ્તકે વારંવાર- ૫૨




જેનું ચોટ્યું છે ચર્ણમાં ચીત, સેવે તે સોળ ચિહન સહીત
વામ પદને જમણા ચર્ણ, તેમાં ચિહનછે સુખના કારણ- ૫૩
ચર્મ દક્ષિણમાં નવ ચિહન, અષ્ટ કોણ ને સ્વસ્તિ પ્રવિણ
વજ અંકુશ કેતુ કહાવે, જવ જાંબુને પદ્મ સોહાવે- ૫૪
પગે બેહુમાંહી ઉર્ધરેખ, એક બીજા થકી છે વિવેક
ચર્ણ ડાબામાંહી ચિહન સાત, સદા સુખકારી છે સાક્ષાત- ૫૫
મત્સ ત્રિકોણને વળી વ્યોમ, ચિહન ધનુષ્યને વળી સોમ
ગૌ પદ આદી જાણવા સાત, કહ્યા એ ચિહન સોળ સાક્ષાત- ૫૬
તેની સેવા કરે ભક્ત જેહ, પાદ સેવન ભક્તિ છે એહ
હવે ભક્તિ કહું અરચન, કરે મારી પ્રતિમા પુજન- ૫૭
ધુપ દીપ ને કરે આરતી, ધરે નૈવેદ પ્રેમથી અતિ
પુષ્પ ચંદન ચરચે અંગ, રોમાંચિત ગદ સ્વરે ઉમંગ- ૫૮



પુજા કરે સોળ ઉપચારે, તેહ પણ રૂતુ અનુસારે
કરે પ્રદક્ષિણા વારંવાર, કરે સાષ્ટાંગ નમસ્કાર- ૫૯
એમ પુજા કરે દાસ જેહ, ભક્તિ અચરન કહેવાય તેહ
હવે કહું છું ભક્તિ વંદન, કરે સ્તુતિ થઈ પ્રેમ મગન- ૬૦
થઈ ગદગદ ને રોમાંચીત, સ્તુતિ કરે મમદાસ નીત્ય
હે હરિ હું છું દાસ તમારો, આવ્યો શરણ હું મને ઉગારો- ૬૧
મારા કોટી કોટી ગુન્હા જેહ, ક્ષમા કરો દયા સિંધુ તેહ
તમે કૃપા કરી છે અપાર, મુને મળ્યા પ્રભુ આણીવાર- ૬૨
પળે પળે કરો મારી સહાય, ધન્ય ધન્ય છો હે હરિ રાય
કરી ગર્ભ વાસ માંહી સાર, અહોનીશ કરો છો સંભાળ- ૬૩
પ્રભુ માંગું છું આપની પાસ, વર આપ જાણી તવ દાસ
આપો સંતનો સંગ સદાય, ધન્ય ધન્ય છો હે હરિ રાય- ૬૪

આપો મહીમા સહીત ભક્તિ, રહે આ લોકમાંહી વિરકિત
તવ નિશ્ચય પરિપક્વ થાય, ધન્ય છો હે હરિ રાય- ૬૫
પાંચ ઈંદ્રિયું અને છઠ્ઠું મન, તવ સેવામાં રહે નિશદીન
રહેવા દેશોમાં કસર કાંઈ, ધન્ય ધન્ય છો હે હરિ રાય- ૬૬
તમે મહેર મુજ પર કીધી, બાંહ્ય બુડતા ગ્રહીને લીધી
તવ ગુણ કહ્યા કેમ જાય, ધન્ય ધન્ય જો હે હરિ રાય- ૬૭
ભવસાગર બંધન ભારી, રક્ષા કરજો એથી અમારી
અહં મમત્વ ક્યારે ન થાય, ધન્ય ધન્ય છો હે હરિ રાય- ૬૮
નથી બીજાનો મારે આધાર, ઈષ્ટ એક તમે છો મોરાર
તવ ચરણમાં રાખો સદાય, ધન્ય ધન્ય છો હે હરિ રાય- ૬૯
આવી રીતે સ્તુતિ કરે મારી, ભક્તિ વંદન તે સુખકારી
હવે દાસત્વ ભક્તિ છે જેહ, માત સાંભળો કહું છું તેહ- ૭૦





જેને એક મારો વિશ્વાસ, એવા જે હોય અમારા દાસ
મુજ વિના બીજું નવ્ય ગમે, મારી સેવા કરે સમે સમે- ૭૧
મારો મહિમા મારો સ્વભાવ, આઠો પહોર રહે છે ઉછાવ
સુત અંજનીના હનુમાન, દાસ ભક્ત જે તેહ સમાન- ૭૨
તથા ઉદ્ધવજી પણ તેવા, દાસ ભક્ત હોય તેહ જેવા
ક્ષણ એક મુજ વિના જાય, કલ્પ સમ તે દાસને થાય- ૭૩
વળી ભજતા હોય કોઈ મુને, રાજી થાય છે દેખી તેહને
રહે મુજ દાસ તણો દાસ, જેના અંતર માંહી પ્રકાશ- ૭૪
દેખે મુજને રૂદીયા માંહી, મુજ વિના બીજું ન દેખાય
આવી રીતના ભક્ત જે હોય, ભક્તિ દાસત્વ જાણવી તેહ- ૭૫
ભક્તિ સખાતે કરવી કેમ, કરી હતી અર્જુને તેમ
સખાભાવે હોય મુંમાં સ્નેહ, હસે હસાવે અમને એહ- ૭૬



ભક્ત રમે અમને રમાડે, અતિ આગ્રહ કરી જમાડે
સેવા કરે કરી અતી તાણ, કહે હેતમાં ટુંકારે વાણ- ૭૭
ક્યારે હસી હસીને બોલાવે, ક્યારે અમ પર રંગ ઉડાવે
વળી ક્યારે પામે તેહ ખેદ, હોય મુગ્ધા મધ્યા પ્રૌઢા ભેદ- ૭૮
એહ આદીક લક્ષણ હોય, સખા ભક્તિ જાણો માત સોય
હવે નવમી ભક્તિ છે જેહ, આત્મ નિવેદી કહેવાય તેહ- ૭૯
ભક્ત આત્મ નીવેદી જે હોય, મુને સર્વસ્વ અરપે સોય
કરે અર્પણ તન મન ધન, સેવા પરાયણ રાતદન- ૮૦
મુજ વિના બીજે ન બંધાય, અહોનીશ ગુણ મારા ગાય
ત્યાગ કરે સંસાર સકળ, હોય મારા આશરાનું બળ- ૮૧
આત્મરૂપ થઈ મુને ભજે, સર્વલોક ભોગ આશ તજે
પત્ર પુષ્પ ફળ જળ આદી, અન્ન વસ્ત્ર જે વસ્તુ ઈત્યાદી- ૮૨



તેહ મુજને અર્પણ કરે, નીત્ય નવીન થાળને ધરે
મુને જમાડીને પછે ખાય, ભક્ત આત્મ નિવેદી કહેવાય- ૮૩
આવા ભક્ત કહ્યા અમે, જેહ રાજા અમરીષ સમ તેહ
દેવ મંદીર અમારા હોય, તેની સેવા કરે જન સોય ૮૪
પુજા વાળે ગાર માટી કરે, પ્રેમ સહીત સેવા આદરે
નિજ હાથે સેવા કરે મારી, સંત હરિ ભક્ત નરનારી- ૮૫
આવી રીતે ભક્તિ મારી થાય, ભક્તિ આત્મ નિવેદી કહેવાય
કહ્યા ભક્તિના નવ પ્રકાર, સર્વ શાસ્ત્ર મતી અનુંસાર- ૮૬
આવી ભક્તિ કરે જન જ્યારે, પ્રેમલક્ષણા ઉપજે ત્યારે
પરા ભક્તિ તેહને કહેવાય, જેનો અતિ મોટો મહીમાય- ૮૭
ભક્તિ જે પ્રેમલક્ષણા જાણો, સર્વ થકી અધિક પ્રમાણો
પરાભક્તિ તે કેને કહેવાય, તમે સાંભળો હે મુજ માય- ૮૮



ભક્તિ કરતા ભુલે દેહ ભાન, કરે ગદ્‌ગદ્ સ્વર થઈ ગાન
મુજ આગે જશ મારા ગાય, એક રસથી તલ્લીન થાય- ૮૯

ક્યારે નૃત્ય કરે મુજ પાસ, અતિ પ્રેમમાં કરે છે હાસ
પ્રેમ મગ્ન થઈ રોમાંચીત, ગાય હે તે શું પ્રેમમાં ગીત- ૯૦

ક્યારે અમારી પ્રતિમા આગે, અતિ સ્નેહવડે રોવા લાગે
વારે વારે ભુલે દેહ ભાન, ભુલે પ્રેમમાં ભોજન પાન- ૯૧

ક્યારે તાળી પાડે મુજ પાસ, કહે હે હરિ આપનો દાસ
કેમ બોલાવતા નથી નાથ, આવ્યો શર્ણ ગ્રહો મુજ હાથ- ૯૨

વળી પ્રેમમાં બોલાવે એમ, શા માટે નથી બોલતા કેમ
તેનું કારણ બતાવો નાથ, મુકો મુજ શીર પર હાથ- ૯૩

મુને મળો હૃદય મોઝાર, આવો મળો હું પ્રાણ આધાર
વળી આવે ક્યારે મુજ ભાવ, બોલે પ્રેમમાં સહજ સ્વભાવ- ૯૪



અહં શ્રીહરિ ધર્મનો લાલ, અહં ભક્તિ માતાજીનો બાળ
અહં શ્રીહરિ શ્રી ઘનશ્યામ, બોલે વચન પ્રેમમાં આમ- ૯૫

જેમ ગોપીયું મથુરા જાય, નહિં દુધ વેચવાને ત્યાંય
બોલે લીયો દહીં દુધ કૃષ્ણ, ત્યારે તેને પુછે કોઈ પ્રશ્ન- ૯૬

દહીં દુધ તો કહો છો ઠીક, પણ કૃષ્ણ તે શું છે અધિક
ત્યારે ગોપીયું કહે છે તને, કહીએ કૃષ્ણ નંદ સત તેને- ૯૭

નંદ જશોદાના જેહ તન, હરિ લીધા છે અમારા મન
વળી ક્યારે બોલે ગોપીયો એમ, અહં કૃષ્ણ અહં કૃષ્ણ તેમ- ૯૮

વળી આવે જ્યારે નિજ ભાન, કરે સ્તુતિ હે કૃપા નિધાન
હે પ્રભુ તમે પ્રાણ આધાર, ગુણ તમારા અપરંપાર- ૯૯

મુને રાખો સદા તવ પાસ, આપો તમારા ચરણમાં વાસ
ખાતા પીતા સુતા ઘર કામ, શ્વાસોશ્વાસ રટે મુજ નામ- ૧૦૦



આવી રીતની ભક્તિ છે જેહ, પ્રેમલક્ષણા જાણવી તેહ
જેનો મહિમા અતી અપાર, આવી ભક્તિ છે સહુથી પાર- ૧૦૧

આવી ભક્તિ થાય માત જેને, કરવાનું કરી લીધું તેણે
સુણી શ્રી ઘનશ્યામની વાણી, કહે માત હે સારંગપાણી- ૧૦૨

ધન્ય આપનો જે મહીમાંય, કોટી શેષ થકી ન કહેવાય
વેદ નેતી નેતી કરી ગાવે, તવ ગુણનો પાર ન પાવે- ૧૦૩

બ્રહ્મા વિષ્ણુ ને શારદા શીવ, રહે આજ્ઞામાંહી તતખેવ
રહી આજ્ઞાએ પૃથ્વી સ્થિર, જળ તેજ આજ્ઞાએ સમીર- ૧૦૪

સૂર્ય ચંદ્ર આજ્ઞાથી ફરે, કાળ આજ્ઞાયે ગણના કરે
કરે આજ્ઞાએ બ્રહ્મા તે સૃષ્ટિ, ઇંદ્ર આજ્ઞાયે કરે છે વૃષ્ટિ- ૧૦૫

વિષ્ણુ આજ્ઞાથી કરે સંભાળ, શેષ આજ્ઞાથી રહે પાતાળ
ધરી રહ્યા છે વિશ્વનો ભાર, શીવ આજ્ઞાથી કરે સંહાર- ૧૦૬



તવ ભ્રકુટી વીલાસ માય, કોટી બ્રહ્માંડ ઉત્પન્ન થાય
પંચભૂત દસ દિગપાલ, તવ ભયથી કંપે છે કાળ- ૧૦૭

કોટી અનંત બ્રહ્માંડ જેહ, સૌના નિયંતા તમે છો એહ
તવ મરજી વિના હરિ રાય, એક ત્રણ કેથી ન તોડાય- ૧૦૮

જીવ ઈશ્વર જે છે અનેક, સૌના કર્મ ફળ દાતા એક
સૌના કારણ હે હરિ આપ, તમે સદાય હરણ સંતાપ- ૧૦૯

તવ મુરતી મંગળરૂપ, તમે સદાય છો સુખરૂપ
મહા સમર્થ છો મહારાજ, સરવે પર છો હે અધિરાજ- ૧૧૦

તમે પુરૂષોત્તમ પરી બ્રહ્મ, સૌને થયા છો નાથ સુગમ
તમે નર તન ધરીયું નાથ, મહા મુક્તોને લાવ્યા છો સાથ- ૧૧૧

ધન્ય તમે થયા મુજ બાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ
તમે છુપાવી દીવ્ય સ્વરૂપ, નાથ થયા છો મનુષ્યરૂપ- ૧૧૨

એવા હે હરિ ધર્મના લાલ, ધન્ય ધન્ય હે દીનદયાળ
શેષ મહેશ મહીમા ગાય, પાર તેનાથી નવ્ય પમાય- ૧૧૩
રૂપ ધર્યું અનોપમ એવું, સુજનને નીરખવા જેવું
નિજ જનતણા પ્રતિપાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૧૪
આવે જે કોઈ તમારે શર્ણ, તેનાં ટાળો છો જન્મ ને મર્ણ
કરૂણાનિધિ અતી કૃપાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૧૫
તમે આ સમે નર તન ધાર્યું, તેનું મુળ કારણ વીચાર્યું
કરવા અસંખ્ય જીવને ન્યાલ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૧૬
આગે ધર્યા ઘણા અવતાર, ભુમી તણો ઉતારવા ભાર
દુષ્ટ હણ્યા તમે તેહ કાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૧૭
આણે પેર આવ્યા મહારાજ, નીજ જનના કરવા કાજ
અંતર શત્રુ માર્યા તત્કાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૧૮





દુઃખ પડે છે દાસને જ્યારે, સહાય કરો છો શ્રીહરિ ત્યારે
પળે પળે કરો પ્રતિપાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૧૯
ભક્ત પાંડવ તમારા જેહ, દુઃખ પામ્યા કૌરવથી તેહ
લાખાગૃહમાં કરી સંભાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૦
વળી વનમાંહી હતા જ્યારે, આવ્યા રૂષી દુર્વાસા ત્યારે
ભાજી પત્ર જમ્યા નંદલાલ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૧
ભક્ત પ્રહલાદનો પિતા જેહ, હિરણ્યકશીપુ અસુર તેહ
તેના થકી કરી રખવાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૨
તમે ખાધા ભીલડીના બોર, એવા દયાળુ ધર્મ કીશોર
જમ્યા વિદુરની કેળા છાલ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૩
જેજે સમે જે જે અવતારે, સહાય કરો છો ભક્તોની ત્યારે
પળે પળે કરો પ્રતિપાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૪



તમે આ સમે ધારીયું તન, સૌના કારણ છો ભગવન
સૌના અવતારી છો હરિલાલ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૫
તમે અક્ષરધામના ધામી, સર્વે પર છો સુખના રાશી
એવા તમે થયા છો મુજબાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૬
ગુણ કેટલા તમારા કહું, એક જીભાયે પાર ન લહું
તમે લીધી અમારી સંભાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૭
તમે કર્યા જે જે ઉપકાર, રક્ષા કરી છે વારંવાર
સુખ આપ્યું નાના હતા બાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૮
કર્યું કૃત્યાયું એ જ્યારે હરણ, દુઃખ મટાડ્યું અશરણ શરણ
કીધી કોટરાથી રખવાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૨૯
કાળી દત્ત દૈત્ય તમે માર્યો, માત તાતનો શોક નિવાર્યો
બહુ લીલા કરી નાના બાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૩૦



પુરી અવધ પાવન કીધી, તીંયાલીલા કરી બહુવિધિ
સખા સંગ રમતા દયાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૩૧
સરવે મંદીરમાં એક હારે, મોટા બંધુએ નીરખ્યા ત્યારે
સરવોપરી જાણ્યા તેહ કાળ, ધન્ય ધન્ય હે દીનદયાળ- ૧૩૨
તવ લીલા અનંત અપાર, કહેતા શેષ પામે નહિં પાર
એવા હે હરિ પુરણકામ, મારા મનની પુરી છે હામ- ૧૩૩
અહો એ હરિ શું મારા ભાગ્ય, મુને કરી અતી બડભાગ્ય
કીંયા હું ને ક્યાં હરિ આપ, આ તો કીડી કુંજર મેળાપ- ૧૩૪
છે જો મળવું તમારૂં મોંઘુ, તમે આ સમે કર્યું છે સોંઘું
હવે હે નાથ મુરતી તમારી, ક્ષણ માત્ર ન મેલું વીસારી- ૧૩૫
જીવ સાથે રાખીશ જડી, નહિં મેલું હું અળગી ઘડી
હવે તમે ન મુકજો નાથ, સદા રાખજો તમારી સાથ- ૧૩૬



હવે આ તન મારૂં છે જેહ, અતી કૃષ થઈ ગયું તેહ
તે તજાવી રાખો તમ પાસ, આપો તમારા ચરણમાં વાસ- ૧૩૭
સુણી વિનંતી શ્રી ઘનશ્યામ, તન તજાવી પોંચાડ્યા ધામ
ધામ અક્ષર અતી અમાપ, જીંયા રહ્યા છો સદાય આપ- ૧૩૮
રાખ્યા પોતાના સમીપ માંય, દેહ ક્રિયા કરી મોટાભાઈ
સ્તુતિ કરતા ગયા બ્રહ્મધામ, સ્તુતિ કરવી સહુને આમ- ૧૩૯
આવી રીતે ભક્તિ થાય, જેને થયા સાધન પુરણ તેને
હરિ ગીતા માતાજીને કહી, તેના તુલ્ય બીજું કાંઈ નહિ- ૧૪૦
સરવે શાસ્ત્રનો આટલો સાર, તેનો કરવો મન વિચાર
હશે જિજ્ઞાસુ જે કોઈ જનો, વાંચી કરશે આનું મનન- ૧૪૧
વરતે જે હરિ ગીતા પ્રમાણ, થાશે તેહનું પરમ કલ્યાણ
હરિ ગીતા જે વાંચશે નિત્ય, થાશે શ્રી ઘનશ્યામમાં પ્રિત- ૧૪૨



મહાપ્રભુ તણા છે વચન, વાંચી ઉતારજો સહુ મન
ત્યારે મનાશે પુરણ કામ, રાજી થાશે શ્રી ઘનશ્યામ- ૧૪૩

## પૂર્વ છાયો

આવી રીતે માતા ભક્તિને, હરિગીતા કહી સુખરૂપ
હરિજન સંત વાંચશે, સુખી થાશે સદાય અનુપ- ૧૪૪
આવી રીતે જે વરતશે, થાશે શ્રી હરિમાં અતિપ્રેમ
માટે પ્રતિદીન વાંચવી, સંભળાવવી જનને નિત્ય- ૧૪૫
સરવે પર છે જાણજો, આ હરિગીતા કહી જેહ
સાધન તેના થઈ રહ્યા, કરવાનું કરી લીધું તેહ- ૧૪૬
પ્રથમના અધ્યાયમાં, કહ્યા લક્ષણ સંતના જેમ
બીજા અધ્યાયમાં જાણજો, ધર્મ પાળવો સહુને કેમ- ૧૪૭



ત્રીજા અધ્યાયમાં જ્ઞાન છે, તેનો કરવો જોઈ વિચાર
ચોથામાં વૈરાગ્ય છે, તેને વિચારો વારંવાર- ૧૪૮
પાંચમો જે અધ્યાય છે, તેમાં ભક્તિ કહી છે અનુપ
પ્રગટ ઉપાસી જનને, સારી લાગશે તે સુખરૂપ- ૧૪૯
જેવી રીતે માત ભક્તિએ, સ્તુતિ કરી હરિની જેમ
તેવી રીતે સહુ ભક્તને, નીત્ય વંદના કરવી એમ- ૧૫૦
સરવે શાસ્ત્રનો સાર છે, આ હરિગીતા મોઝાર
આવી રીતે જેહ વરતશે, સુખ પામશે અતિ અપાર- ૧૫૧
શીખે સુણે જેહ વાંચશે, આ હરિ ગીતાને જેહ
અક્ષરધામને પામશે, પરાભક્તિ થકી જન તેહ- ૧૫૨
કાલાવાલા કરીને કહી, આ હરિગીતા સુખરૂપ
પ્રગટ ઉપાસી જનને, તે લાગશે અતિ અનુપ- ૧૫૩



પીંગળ જ્ઞાન મુને નથી, તેમ નથી શાસ્ત્રનું જ્ઞાન
જેમ મનમાંહી સૂજીયું, તેમ લખ્યું અનુમાન- ૧૫૪
મહા મુક્તોની આગળ, સૂર્ય પાસે ખધ્યોતીયો જેમ
તેવી રીતે આમાં કહ્યું છે, અલ્પ બુદ્ધિ વડે કહ્યું તેમ- ૧૫૫
સંત હરિજન સહુ તમે, આમાં ભુલચુક જેહ હોય
કહે મહાદેવ વિનંતી કરી, સુધારીને વાંચજો સોય- ૧૫૬

ઈતિશ્રી સહજાનંદ સ્વામી ચરણકમળ સેવક શિષ્ય મહાદેવ ભક્તવીર ચીતે ભક્તિ માતા શ્રીહરિકૃષ્ણ સંવાદે શ્રી હરિગીતા મધ્યે નવધા ભક્તિ તથા પરાભક્તિના લક્ષણ કહ્યાએ નામે પાંચમો અધ્યાય થયો

**શ્રીહરિગીતા સમાપ્ત**

લી. શ્રીહરિનો દાસ સૌ સંત હરિજનનો દાસાનુંદાસ

# ॥ શ્રી જનમંગલસ્તોત્રમ્ ॥

**(ગુર્જરાનુવાદ સહિતમ્)**

નમોનમઃ શ્રી હરયે બુદ્ધિદાય દયાવતે ।
ભક્તિ ધર્માઁગજાતાય ભક્તકલ્પદ્રુમાય ચ ॥ ૧ ॥
સુગન્ધપુષ્પહારાદ્યૈ ર્વિવિધૈરુપહારકૈઃ ।
સમ્પૂજિતાય ભક્તૌઘૈઃ સિતામ્બરધરાય ચ ॥ ૨ ॥
નામ્નામષ્ટોત્તરશતં ચતુર્વર્ગમભીપ્સતામ્ ।
સદ્યઃ ફલપ્રદં નૃણાં તસ્ય વક્ષ્યામિ સત્પતેઃ ॥ ૩ ॥

અસ્ય શ્રી જનમંગલાખ્યસ્ય શ્રીહર્યષ્ટોત્તરશત નામસ્તોત્રમન્ત્રસ્ય શતાનન્દ ઋષિઃ । અનુષ્ટુપ્ છન્દઃ । ધર્મનન્દનઃ શ્રી હરિર્દેવતા । ધાર્મિક ઈતિ બીજમ્ । બૃહદ્વ્રતધરઈતિ શક્તિઃ । ભક્તિનન્દન ઈતિ કીલકમ્ । ચતુર્વર્ગસિદ્ધ્યર્થે જપે વિનિયોગઃ





## અથ ધ્યાનમ્

વર્ણિવેષરમણીયદર્શનં મન્દહાસરુચિરાનનામ્બુજમ્ ।
પૂજિતં સુરનરોત્તમૈર્મુદા ધર્મનન્દનમહં વિચિન્તયે ॥ ૪ ॥
શ્રીકૃષ્ણઃ શ્રી વાસુદેવો નરનારાયણઃ પ્રભુઃ ।
ભક્તિધર્માત્મજોऽજન્મા કૃષ્ણો નારાયણો હરિઃ ॥ ૫ ॥
હરિકૃષ્ણો ઘનશ્યામો ધાર્મિકો ભક્તિનન્દનઃ ।
બૃહદ્વ્રતધરઃ શુદ્ધો રાધા કૃષ્ણેષ્ટદૈવતઃ ॥ ૬ ॥
મરુત્સુતપ્રિયઃ કાલી ભૈરવાદ્યતિભીષણઃ ।
જિતેન્દ્રિયો જિતાહાર સ્તીવ્રવૈરાગ્ય આસ્તિકઃ ॥ ૭ ॥
યોગેશ્વરો યોગકલા પ્રવૃત્તિરતિધૈર્યવાન્ ।
જ્ઞાની પરમહંસશ્ચ તીર્થકૃત્તૈર્થિકાર્ચિતઃ ॥ ૮ ॥



ક્ષમાનિધિઃ સદોન્નિદ્રો ધ્યાનનિષ્ઠસ્તપઃ પ્રિયઃ ।
સિદ્ધેશ્વરઃ સ્વતન્ત્રાશ્ચ બ્રહ્મવિદ્યાપ્રવર્તકઃ ॥ ૯ ॥
પાષંડોચ્છેદનપટુઃ સ્વસ્વરૂપાચલસ્થિતિઃ ।
પ્રશાન્તમૂર્તિર્નિર્દોષો સુરગુર્વાદિમોહનઃ ॥ ૧૦ ॥
અતિકારુણ્યનયન ઉદ્ધવાધ્વપ્રવર્ત્તકઃ ।
મહાવ્રતઃ સાધુશીલઃ સાધુવિપ્રપ્રપૂજકઃ ॥ ૧૧ ॥
અહિંસાયજ્ઞપ્રસ્તોતા સાકારબ્રહ્મવર્ણનઃ ।
સ્વામિનારાયણઃ સ્વામી કાલદોષનિવારકઃ ॥ ૧૨ ॥
સચ્છાસ્ત્રવ્યસનઃ સદ્યઃ સમાધિસ્થિતિકારકઃ ।
કૃષ્ણાર્ચાસ્થાપનકરઃ કૌલદ્વિટ્ કલિતારકઃ ॥ ૧૩ ॥
પ્રકાશરુપો નિર્દમ્ભઃ સર્વજીવહિતાવહઃ ।
ભક્તિસમ્પોષકો વાગ્મી ચતુર્વર્ગફલપ્રદઃ ॥ ૧૪ ॥



નિર્મત્સરો ભક્તવર્મા બુદ્ધિદાતાऽતિપાવનઃ ।
અબુદ્ધિહૃદ્બ્રહ્મધામ દર્શકશ્ચાપરાજિતઃ ॥ ૧૫ ॥
આસમુદ્રાન્તસત્કીર્તિઃ શ્રિતસંસૃતિમોચનઃ ।
ઉદારઃ સહજાનન્દઃ સાધ્વીધર્મપ્રવર્તકઃ ॥ ૧૬ ॥
કન્દર્પદર્પદલનો વૈષ્ણવક્રતુ કારકઃ ।
પંચાયતનસન્માનો નૈષ્ઠિકવ્રતપોષકઃ ॥ ૧૭ ॥
પ્રગલ્ભો નિઃસ્પૃહઃ સત્ય પ્રતિજ્ઞોભક્તવત્સલઃ ।
અરોષણો દીર્ઘદર્શી ષડૂર્મિવિજયક્ષમઃ ॥ ૧૮ ॥
નિરહંકૃતિરદ્રોહ ઋજુઃ સર્વોપકારકઃ ।
નિયામકશ્ચોપશમ સ્થિતિર્વિનયવાન્ ગુરુઃ ॥ ૧૯ ॥
અજાતવૈરી નિર્લોભો મહાપુરુષ આત્મદઃ ।
અખંડિતાર્ષમર્યાદો વ્યાસસિદ્ધાન્તબોધકઃ ॥ ૨૦ ॥

મનોનિગ્રહયુક્તિજ્ઞો યમદૂતવિમોચકઃ ।
પૂર્ણકામઃ સત્યવાદી ગુણગ્રાહી ગતસ્મયઃ ॥ ૨૧ ॥
સદાચારપ્રિયતરઃ પુણ્યશ્રવણકીર્તનઃ ।
સર્વમંગલસદ્રૂપ નાનાગુણવિચેષ્ટિતઃ ॥ ૨૨ ॥
ઈત્યેતત્પરમં સ્તોત્રં જનમંગલસંજ્ઞિતમ્ ।
યઃ પઠેત્તેન પઠિતં ભવેદ્વૈ સર્વમંગલમ્ ॥ ૨૩ ॥
યઃ પઠેચ્છૃણુયાદ્‌ભક્ત્યા ત્રિકાલં શ્રાવયેચ્ચ વા ।
એતત્તસ્ય તુ પાપાનિ નશ્યેયુઃ કિલ સર્વશઃ ॥ ૨૪ ॥
એતત્સંસેવમાનાનાં પુરુષાર્થચતુષ્ટયે ।
દુર્લભં નાસ્તિ કિમપિ હરિકૃષ્ણપ્રસાદતઃ ॥ ૨૫ ॥
ભૂતપ્રેતપિશાચાનાં ડાકિનીબ્રહ્મરક્ષસામ્ ।
યોગિનીનાં તથા બાલ ગ્રહાદીનામુપદ્રવઃ ॥ ૨૬ ॥





અભિચારો રિપુકૃતો રોગશ્ચાન્યોઽપ્યુપદ્રવઃ ।
અયુતાવર્તનાદસ્ય નશ્યત્યેવ નસંશયઃ ॥ ૨૭ ॥
દશાવૃત્યા પ્રતિદિન મસ્યાભીષ્ટં સુખં ભવેત્
ગૃહિભિસ્ત્યાગિભિશ્ચાપિ પઠનીયમિદં તતઃ ॥ ૨૮ ॥

**ઈતિશ્રીશતાનન્દમુનિ વિરચિતં શ્રી જનમંગલાખ્યાં**
**શ્રી હર્યષ્ટોત્તરશતનામસ્તોત્રં સંપૂર્ણમ્**

**આ પ્રમાણે શતાનંદમુનિએ રચેલ શ્રીહરિનાં એકસોને**
**આઠ નામનું ‘જનમંગલસ્તોત્ર’ સંપૂર્ણ થયું.**



# શ્રી નરનારાયણાષ્ટકમ્

અવતીર્ય નિજાક્ષરાત્પરાદિહ મૂર્ત્યા બદરીવને સ્થિતઃ ।
ભુવિભારતજીવશર્મણે નરનારાયણદેવ પાહિમામ્ ॥૧॥

યદ્દુપર્યભવત્કૃપા તવ સ નરો દૃષ્ટુમિહાર્હતિક્ષણમ્ ।
ન પરઃ સુરસત્તમોઽન્યથા નરનારાયણદેવ પાહિમામ્ ॥૨॥

પ્રથિતં ચ બ્રહદ્વ્રતં ત્વયા જનતાયા નિજધામલબ્ધયે ।
અવબોધનમુત્તમં ભુવિ નરનારાયણદેવ પાહિમામ્ ॥૩॥

જગતો જનનં હિ પાલનં પ્રલયં ચાપિકરોષિ નિત્યદા ।
રજસા તમસા ચ સત્વતો નરનારાયણદેવ પાહિમામ્ ॥૪॥

ઋષિ રૂપધરં તપશ્ચરં હ્યવમન્યેત કદાપિ કશ્ચન ।
સ ભવેત્સતતં ચ નારકી નરનારાયણદેવ પાહિમામ્ ॥૫॥

તવ મૂર્તિરિયં સુખાપ્તયે જનતાયાઃ કિલ તાપશાન્તયે ।
મરણસ્ય જયાય નિત્યદા નરનારાયણદેવ પાહિમામ્ ॥૬॥

જગદન્યતનૂસ્તથાવિતું ધરસિ ત્વં ચ યુગેયુગેઽઘવૈ ।
હરિકૃષ્ણ તનુસ્ત્વયાધૃતા નરનારાયણદેવ પાહિમામ્ ॥૭॥

વિધિશંભુમુખામરવ્રજશ્ચરણૌતે સતતં સમર્ચતિ ।
પરમાદરતશ્ચ ચિંતતિ નરનારાયણદેવ પાહિમામ્ ॥૮॥

**જયશ્રી સ્વામિનારાયણ**